Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

| शार्दूलविक्रीडितवृत्तम् ॥ |

कालो दुस्तर आगतो जनमनो भोगेषु मग्नं भृशम् ।
धर्मो विस्मृत आत्मरूपमहहा न ज्ञायते केनचित् ॥
धावन्तीह जना धनाय बहुशः कामाहतास्तद्धृदि ।
'आत्मानन्द प्रकाश' दीपकिरणं प्राप्नोतु शश्वत्पदम् ॥ १ ॥

पु. २०. | वीर सं. २४४९. पोष आत्म सं. २७ | अंक ६ ठो.

## प्रकाशक–श्री जैन आत्मानंद सभा–भावनगर.

વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ નિજ આત્મદર્શન ... | ... ૧૩૧ | ૬ મોહપરાજ્ય નાટકનો પરિચય ... | ૧૪૨ |
| ૨ જૈનયુવાનો પ્રત્યે કાંઇક. | ... ૧૩૨ | ૭ ભવ્ય જીવોને સદ્બોધ. ... | ૧૬૪ |
| ૩ આપણી બુરી આદતો સુધારી લેવાની જરૂર... ... | ... ૧૩૭ | ૮ અહિંસા, સંયમ અને તપ સંબંધી બે બોલ. ... ... | ૧૪૫ |
| ૪ સ્વામીઓ પ્રત્યે શુદ્ધ પ્રેમભાવથી વ્યવહાર આદરવો જોઇએ. | ... ૧૩૮ | ૯ જીવનની સાર્થકતા. ... | ૧૪૬ |
| ૫ પરમાત્મપણું પ્રાપ્ત કરવા કેવા પ્રયત્નની જરૂર છે? ... | ... ૧૩૯ | ૧૦ વર્તમાન સમાચાર અને ગ્રંથાવલોકન. ... | ૧૫૬ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.
આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## ખાસ વાંચવા યોગ્ય જૈન ઈતિહાસિક ગ્રંથ—

# "શ્રી કુમારવિહાર શતક."

### ( મૂળ અવચૂરિ અને સવિસ્તર ગુજરાતી ભાષાંતર સાથે )

આ ગ્રંથના મૂળ કર્તા શ્રીમાન્ રામચંદ્ર ગણિ કે જેઓ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના મુખ્ય વિદ્વાન શિષ્ય હતા. જેમણે આ ગ્રંથ બારમા સૈકાના અંતમાં બનાવ્યો છે, તેના ઉપર શ્રી સોમસુંદરસૂરિના પરિવારમાં થયેલા સુધાભૂષણ ગણીએ અવચૂરી (સંસ્કૃતમાં) બનાવી છે તે બંને સાથેનું સવિસ્તર ભાષાંતર પણ આ ગ્રંથમાં આપવામાં આપેલું છે. જેમ સંસ્કૃત કાવ્યની દૃષ્ટિએ આ ગ્રંથ પ્રતિભાવાન છે, જૈન સાહિત્યનું ઉચ્ચ સ્વરૂપ છે, તેમ જૈન ઇતિહાસની દૃષ્ટિએ તેરમા સૈકામાં જૈનોની જાહોજલાલી, ગૌરવતા, પ્રાચીનતા, પ્રભાવશિલતા બતાવનાર પણ આ એક અપૂર્વ ગ્રંથ છે. કારણ કે આ ગ્રંથમાં ગુર્જરપતિ જૈન મહારાજા શ્રી કુમારપાળે અણહિલપુર પાટણમાં પોતાના પિતાશ્રી ત્રિભુવનપાલના નામથી બનાવેલ પ્રાસાદ ( જીનમંદિર કે જેમાં શ્રીમાન્ હેમચંદ્રસૂરિએ શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રતિષ્ઠિત કરેલ છે; તે ચૈત્યમંદિરની અદ્‌ભુત શોભાનું ચમત્કારિક વર્ણન આપેલું છે. આ પ્રાસાદમાં બ્હોંતેર દેવકુલીકા હતા. ચોવીશ રત્નની, ચોવીશ સુવર્ણની, ચોવીશ રૂપાની અને ચોવીશ પીતળની, તેમ અતિત અનાગત અને વર્તમાન કાળનાં પ્રભુપ્રતિમા હતા. મુખ્ય મંદિરમાં એકસોચોવીશ આંગળ ચંદ્રકાન્તમણીની પ્રતિમા હતા. મંદિરનું બાંધકામ, રચના, તેનું ચિત્રકામ—શિલ્પકામની અપૂર્વ સુંદરતા એટલી બધી છે કે જે આ ગ્રંથ વાંચવાથી આત્માને અપૂર્વ આનંદ સાથે કુમારપાળ રાજાની દેવભક્તિ માટે આશ્ચર્ય ઉત્પન્ન થાય છે; સાથે તે વખતનો ઇતિહાસ પણ જાણવામાં આવે છે. ગ્રંથ ખરેખર વાંચવા—જાણવા જેવો છે.

આ ગ્રંથ લાંબો સમય સચવાય તે માટે ઉંચા ઇંગ્લીશ આર્ટપેપર ઉપર સુંદર ટાઇપમાં છપાવેલ છે. તમામ લાભ લઇ શકે તે માટે પ્રત આકારમાં છપાવેલ છે પાટલી પણ ઉંચા કપડા-ની કરવામાં આવેલ છે છતાં કિંમત રૂા. ૧–૮–૦ પોસ્ટ ખર્ચ જુદો.

લખો—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

---

"તૈયાર છે. જલદી મંગાવો."

# શ્રી જૈનાચાર્યો તથા જૈન કવિઓ રચિત સંસ્કૃત નાટકો.

જૈન આચાર્યો તેમજ કવિવરોએ દરેક પ્રકારના સાહિત્ય ઉપર દૃષ્ટિ ફેંકી, જૈન સમાજ તેમજ ઇતર દર્શનકારોને પોતાની અનેક કૃતિઓ બનાવી આશ્ચર્યચકિત કરી દીધા છે, તેટલુંજ નહીં પણ પ્રાકૃત અને સંસ્કૃત ભાષા માટે પોતાની અપૂર્વ વિદ્વત્તા પ્રકટ કરી છે, તેવા નાટકો વાંચતા ભાષાના અભ્યાસની વૃદ્ધિ થાય છે અને વાચકને પણ ઘણું જ્ઞાન થવા સાથે જૈન દર્શનના ઇતિહાસ સાહિત્યનું પણ ભાન થાય છે, સાથે રસ પડતાં આત્માની પણ નિર્મળતા થાય છે. તેવા નાટકો નીચે મુજબ અમારા તરફથી પ્રસિદ્ધ થયા છે. ઉંચા કાગળો, સુંદર ટાઇપ અને સુશોભિત બાઇડીંગથી તે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. સર્વ એક સરખો લાભ લઇ શકે તે માટે કિંમત માત્ર નામની રાખી છે, તે નાટકો નીચે મુજબ છે.

૧ દ્રૌપદી સ્વયંવર નાટક ૦–૪–૦
૨ કૂરૂણાવજ્રાયુદ્ધ નાટક ૦–૪–૦
૩ કૌમુદી મિત્રાનંદ નાટક ૦–૮–૦
૪ પ્રબુધ રોહિણેય નાટક ૦–૬–૦
૫ ધર્માભ્યુદય નાટક ૦–૬–૦
( પોસ્ટેજ જુદું. )

મળવાનું ઠેકાણું—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

॥ परोपकारः सम्यक् क्रियमाणो धीरत्वमभिवर्धयति, दीनतामपकर्षति, उदारचित्ततां वित्ते, आत्मम्भरितां मोचयति, चेतोवैमल्यं वितनुते, प्रभुत्वमाविर्भावयति; ततोऽसौ प्रादुर्भूतवीर्योल्लासः प्रणष्टरजोमोहः परोपकारकरणपरः पुरुषो जन्मान्तरेऽप्युत्तरोत्तरक्रमेण चारुतरं सन्मार्गविशेषमासादयति ॥

पुस्तक २० ] वीर संवत् २४४९ पोष आत्म० संवत् २७. [ अंक ६ ठो.

## निजात्मदर्शन.

( હરિગીત. )

अभिलाषि प्रश्न—

સમજાવવા સત્‌શાસ્ત્રની ઘટના ઘટાવી પ્રેમથી,
વળી આપતા ઉપદેશ પણ તેવો અહર્નિશ રેમથી;
ગુરૂરાય નિજ સ્વરૂપને બહુ વિધથી બતલાવતા,
સમજાય ના ! સમજાય ના !! સમજાય ના !!! પણ તે છતાં. ૧

अनुभवि उत्तर—

શાસ્ત્રો બતાવે છે દિશા પણ પાર તેથીં પમાય ના,
ગોચર નહિં મન ઇંદ્રિને તે હેતુ વાદે જણાય ના;
માટે અનુભવ માર્ગપર દગ્ શાસ્ત્ર સાથે ચોટશે,
આત્મિક સંવેદન થતાં નિજરૂપની ઝાંખી થશે. ૨

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન યુવાનો પ્રત્યે કંઈક ! ! !

સુધરેલા, કેળવાયેલા. અર્થાત્ જમાનાને અનુસરતા વિચારવાળા જૈન યુવકોને ઉદ્દેશીને ખાસ લખું છું.

જૈન યુવકો હશે કે કેમ ? અને હશે, તો કેટલા હશે ? તે હું જાણી શકયો નથી. યદ્યપિ યુવકો ઘણા હશે, પરંતુ જૈન યુવકો કેટલા હશે ? એટલે જૈન વિશેષણને સાર્થક કરનારા કેટલા હશે ?

ભલે લાખોની સંખ્યામાં તેવા ન હોય, પરંતુ ઓછામાં ઓછા એક, બે હશે તોપણ ચાલશે. તેવા એકાદ, બે કે તેથી વધારે જૈન યુવક હોય તેમને ઉદ્દેશીને લખું છું.

જૈન કુળમાં જન્મ લીધાથી જૈન વિશેષણ સાર્થક થઈ શકતું નથી, "જૈનત્વ" હોય તોજ સાર્થક કર્યું ગણાય. " જૈનત્વ " વારસો કે મિલ્કત નથી, પરંતુ તે ગુણ છે ગુણ મેળવ્યો મેળવાય, ને ગુમાવ્યો ગુમાવાય. ગુણ પ્રાપ્ત કરવામાં જેટલી મુશ્કેલી છે તેટલી મુશ્કેલી વારસો, કે મિલ્કત મેળવવામાં નથી.

યુવક બંધુઓ ! તમારે માટે શું લખું ? અને શું ન લખું ? અનેક વાતો કહી ઉભરો કાઢવાનું મન થઇ જાય છે. કઇ વાત કહું ? અને કઈ ન કહું ? બધી વાતો એકી સાથે કહી નાંખું, દરેક ભાઇઓ એકી સાથે બધી વાત સાંભળી લે, સમજી જાય, અને કર્તવ્યપરાયણ બની જઈ આવતી કાલથીજ સ્વર્ગીય જીવનનો આનંદ અનુભવવા લાગી જાય. પરંતુ એ ઇચ્છા માત્ર, મનોરથો માત્ર થયા. એક એક મનોરથ પાર પડતાં પડતાં વર્ષોના વર્ષો વીતી જાય ત્યારે પ્રજામાં ઘડાય છે, તો પછી સઘળા મનોરથોનું પરિણામ આવતાં કેટલો વખત વીતી જાય ?

છતાં જો યોગ્ય નેતા મળી જાય અને આપણે કર્તવ્ય પરાયણ બની જઈએ, તો ગમે તેવા દુર્ઘટ કામો પણ ગમે તેટલા ટુંકા વખતમાં આટોપી શકાય. અત્યારે તો એ પણ મનોરથ માત્ર જ છે.

## યુવક બંધુઓ ! તમે દેશનો ઉદય ચાહો છો ?

અવશ્ય ચાહતા હશોજ. પરંતુ ચાહના માત્રથી કંઇ વળે ? દેશનો ઉદય કરવો સ્હેલ નથી, તેના પહેલાં તમારા ગામનો, તમારા શહેરનો, તમારી સમાજનો, તમારા ધર્મનો ઉદય કરવો પડશે. એ રીતે વ્યક્તિગત ઉદય કરશો તોજ દેશનો ઉદય થશે, અંદર પોલ હશે તે ભવિષ્યમાં આડે નડશેજ. દેશનો ઉદય સાધવા નિકળ્યા પહેલાં ઉપર કહેલા તમારા અંગોનો ઉદય સાધ્યો છે. ? યદ્યપિ વાતો કરી હશે, પરંતુ કંઇ સેવા કરી છે ? કંઈ ક્રિયાત્મક તપશ્ચર્યા કરી છે ? કંઈ આત્મભોગ આપ્યો છે ? પૈસા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપી છુટવાથી કંઇ ચાલે તેમ નથી, પરંતુ સ્વાર્થ ત્યાગ કરવો પડશે, તે કરેલ છે? નહીં તો પછી ચાહના શા કામની?

શું મનુષ્ય માત્રને નતિક જીવન ધાર્મિકતા, કે વ્યવસ્થિત સમાજની જરૂર નથી? તમે તેને માટે કદી વિચાર કર્યો છે? કાં ન કરો! વિચાર નહીં કરો તો જરૂર પસ્તાશો. જે કંઇ સારા તત્વો સમાજમાં છે, તે તૂટ્યા પછી સાંધતા આંખે પાણી આવશે. તૂટ્યા પછી આપણા જીવનમાં અને પશુ જીવનમાં શો ફેર રહેશે?

"યદ્યપિ અમને ધાર્મિકતા, આધ્યાત્મિક જીવન, વ્યવસ્થિત સમાજ, વિગેરે પ્રિય છે. પરંતુ જ્યાં પોતાના ચાલુ સંજોગોને પહોંચી વળવાના ફાંફા મારવા પડે છે, સૌની સાથે મોભાસર જીવન વ્યવસ્થિત થાય એટલું બને તોજ બસ છે. જ્યાં સુધી તેમ નહિ થાય, ત્યાં સુધી અમે ઉપરની વાત સાંભળવાજ માગતા નથી. પછી સંઘ વ્યવસ્થામાં ભાગ લઇશું, ધાર્મિક કામો સંભાળીશું અને સૌ સારા વાના થશે. હાલ એ વાત ભલા આદમી! જવાદો." આમ કોઇ યુવક બંધુ છંછણી ઉઠશે, તેનું કેમ?

અડચણ નહીં, આપણો વિચાર ખરો હશે તો જરૂર આપણે નમ્રતા પૂર્વક આજે નહીં તો કાલે સમજાવી શકીશુંજ. આપણે તેને જરૂર કહી શકીએ કે–ભાઇ!

દરેક મોભાની સામગ્રી–વૈભવ સામગ્રી ઘટાડો. મોટરને બદલે ગાડી ઘોડાથી વૈભવ માનો, ગાડી ઘોડાને બદલે સીગરામથી વૈભવ માનો, સીગરામને બદલે પગે ચાલવાની શક્તિમાં ખરો વૈભવ અને કુદરતની મહેરબાની માનો, તમે એક વખત એમ કરશો એટલે સૌ એ પ્રમાણે શીખશે. એમ દરેકનો જીવનકલહ મર્યાદિત બનશે. જો તમે મોટરથી વૈભવ જાળવવા ઇચ્છશો, તો તમારો બીજો ભાઇ એરોપ્લેનથી (વિમાન) વૈભવ માણવા લલચાશે. મોટર ઉપર અણગમો આવશે. અને વિમાન મેળવવા મથશે. શું ત્યારે બીજા ભાઇઓ બેસી રહેશે? જરૂર મોટર મેળવવા મથશે જ. અને પછી વિમાન મેળવવા લલચાશે. આ રીતે વૈભવ તરીકે કઇ ચીજ ગણવી? આ સવાલનો અંત ન આવતા માનસિક કલ્પનાઓ વધ્યે જવાની. આમ આપણી અવનતિનું બીજ આપણાજ હૃદયમાં આ રીતે રોપાયે જાય છે. આ લઉં? તે લઉં? આ સામગ્રી ગોઠવું? તે સામગ્રી ગોઠવું? એમ તરંગો વધતા જાય છે. જો કલ્પનાને સંકોચવામાં આવે, તો જે વૈભવ હાલ વિમાનમાં બેસવાથી માની શકાય, તેજ વૈભવનો લ્હાવો વિમાન ન્હોતા ત્યારે મોટરમાં બેસીને, ને મોટર નહોતી ત્યારે ઘોડા ગાડીમાં (વિકટોરીયા કે ટાંગામાં) બેસીને, ને તેની અછત વખતે સીગરામમાં બેસીને માની શકાતો હતો. મને તો એ દરેકનો માનસિક આનંદ એક સરખોજ જણાય છે. આ માનસશાસ્ત્રના સૂક્ષ્મ પ્રયોગ ઉપરથી એક સિદ્ધાંતની આપ ભાઇઓને ભેટ કરૂં છું. તે એ કે–ઉપરની કલ્પના ઉપરથી તમે સમજી શકયા હશો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે આ જમાનો મનની કલ્પના વધારવા માગે છે અને આપણા હિંદનું પ્રાચીન સમાજ બંધારણ આપણું જીવન મર્યાદિત બનાવવા માગે છે, આ બેમાંથી કયો માર્ગ પસંદ કરવો, એ સૌ સૌની ઇચ્છાની વાત છે. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે મર્યાદિત ઇચ્છા શક્તિથી માનવ સમાજ એકંદર વધારે સુખના તત્વોનો સ્વાદ લઇ શકે.

તેથી આપ સૌ બંધુઓને જીવનસામગ્રી મેળવવા પ્રયત્ન કરવાની આડે જરાપણ આવવા માંગતો નથી, પરંતુ એટલું તો જરૂર આગ્રહપૂર્વક, વિનંતિપૂર્વક આજીજી કરીને કહું છું કે જીવન સામગ્રી મર્યાદિત હોવી જોઇએ. પીત્તળના લોટેથી ઉપયોગદૃષ્ટિએ પાણી પી શકાતું હોય, તે આર્થિક દૃષ્ટિએ માટીનાં પાત્ર ટકાઉ હોય, તો ચાંદી સોનાના લોટાની શી જરૂર ? એતો કેવળ સ્વચ્છંદજ ગણાય.

જીવન સામગ્રીને અમર્યાદિત બનાવવાથી દરેકની કલ્પના-અસંતોષિતાનો જ્વાળામુખી ભભુકી ઉઠે છે. તે શાંત કરવા દેશ, વતન, વેશ, કુટુંબ, ધર્માચરણ, વિગેરેથી થોડે દૂર જવું પડે છે. વળી અસંતોષ વધતાં તેથી પણ આગળ વધી, વિદેશ જવું પડે છે. સ્વદેશ ભૂલવો પડે છે. વતનના સામાજીક ધાર્મિક કામો, કૌટુંબિક સવાલો બીજાઓ ઉપર છોડવા પડે છે. કેમ જાણે આપણને જરૂરજ ન હોય ? આપણે માટે નિરૂપયોગીજ હોય એમ માનીને તેની ઉપેક્ષા કરતા થઇ જવું પડે છે. અસંતોષ વધતાં-જીવન સામગ્રી અમર્યાદિત બનતાં, આ પ્રમાણે ભવિષ્યમાં ભારે ભયંકર પરિણામ આવે. જો કે હાલ તુરતના વખતનો વિચાર કરીએ, તો આપણે અર્ધે રસ્તે છીએ.

જો કે જીવન અમર્યાદિત બનાવ્યું છે. પરંતુ તેનું છેવટનું જ્યાંસુધી પરિણામ આવે તેટલે સુધી આગળ વધ્યા નથી, ત્યાં સૂધીમાં ચેતી જવાનો પ્રસંગ છે અને હજુ ચેતીને જો જીવન મર્યાદિત બનાવી લઇએ તો ખાત્રીથી માનજો કે વતનથી દૂર નહીં જવું પડે. અને ધાર્મિક, સામાજીક ખાતાઓ સંભાળી શકશો. નહીંતર રહ્યા ખડ્યા શહેરમાં રહેલા લોકો ( વૃદ્ધો ) શરૂઆતમાં સંભાળશે. પરંતુ છેવટે કોણ સંભાળશે ?

બંધુઓ ! જીવન અમર્યાદિત બનાવીને તમે અથવા તમારી સંતતિ ભવિષ્યમાં વતન ભૂલવા માંગો છો ? દેશોદેશ દોડશો તો જરૂર વતન ભૂલશો. વતનની સંસ્થાઓ, સાર્વજનિક મિલ્કતો, ધાર્મિક ખાતાઓ કોને સોંપશો ? તેનો ઉપયોગ કોણ કરશે ? તમારી સંઘવ્યવસ્થા, જ્ઞાતિવ્યવસ્થા, કોણ જાળવશે ? શું તે ખાતાના નોકરો અને અમલદારો રાખશો ? તેઓના પગાર માટે મોટા ફંડ ઉઘાડશો ? મોટા ફંડ કરી શકવા માટે દેશાવર મોટા ધંધા ખેડશો ? આ બધું કરવા કરતાં ઘેર રહી કુટુંબપુરતું કમાઇ બાકીના વખતમાં હાથોહાથ બધાં કામો સંભાળો, અને સંભાળી શકાય તેટલા ઉઘાડો. આ રસ્તો ઉત્તમ નથી જણાતો ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરેકે જીવનસામગ્રી મર્યાદિત બનાવ્યા છતાં, કેટલાકને મર્યાદિત પણ જીવન સામગ્રી ચલાવવી મુશ્કેલ પડે તો, તેઓ ખુશીથી અન્ય સ્થળે જઇ શકે; પરંતુ આપણી કોમ જે શહેરી તરીકે આગળ પડતી હોય છે તે બહાર જાય, તો પછી બીજાઓએ શો ગુન્હો કર્યો ? ને એ પણ ઉત્તરોત્તર બહાર જશે. ત્યારે તમારાં વતનમાં આવવું કેમ ગમશે ? કહેશો કે ગામડાના લોકો અમારા મોટા ગામમાં રહેવા આવશે. જો તેમ થશે તો ગામડા ઉજ્જડ નહીં થાય ? અને ગામડા ઉજ્જડ થશે તો પછી ખેતીનું શું ? આમ દરેક રીતે વિચાર કરતાં જીવન મર્યાદિત બનાવવું જોઇએ.

જેઓને આર્થિક મુશ્કેલી છે તેઓ દેશાવર જાય, પરંતુ જેઓ મર્યાદિત જીવનમાં સારી રીતે રહી શકે તેટલી આર્થિક સંપત્તિ ધરાવતા હોય, તેઓએ વધારે અસંતોષી બની શા માટે ઉપર કહ્યા પ્રમાણે સમાજનાં જીવનમાં ઝેર પાથરવું જોઇએ. તેઓ સંતોષી પ્રવૃત્તિ રાખતા થાય તો બીજાં પણ શીખે.

યદ્યપિ આ લખાણ જુના અઠંગ વ્યાપારીઓ, અને ધન મેળવવામાં રસબસ ઉંડા ઉતરેલા ભાઈઓનાં હૃદયને અસર કરવા સમર્થ થશે કે કેમ ? એ સંશય છે. પરંતુ જે યુવાનોએ ભવિષ્યની પ્રજામાં પોતાનું જીવન મોભાસર ટકાવવું હોય, તેણે તો જરૂર આ લખાણનો મર્મ સમજવો જોઇએ. તેથીજ તેવા યુવકોને ઉદ્દેશીને લખ્યું છે.

બંધુઓ ! રાહ જોઇ બેસી રહેશો, તો જ્યારે અનિષ્ટ પરિણામ સામે આવીને પોતાના ભયંકર ડોળા ઘુરકાવશે, ત્યારે તમારા ( તમારી સમાજના ) હાથ પગ એટલા બધા નબળા પડી ગયા હશે. તેમ ( તમારી સમાજ ) એટલી બધી અશક્ત બની હશે કે પછી તેનો પ્રતીકાર (ઉપાય) તમારા હાથમાં નહીં રહે.

માટે જો પોતાની સમાજનો, કહો કે પોતાનાં સામાજીક, ધાર્મિક જીવનનો કહો, પરંતુ જો વિચાર કરવામાં ન આવે, તો જરૂર સમાજ નષ્ટ થાય, શું આપણને સામાજીક, ધાર્મિક જીવન અનિષ્ટ છે ? તે જીવન તમને નકામું જણાયું છે ? જો તેમ જણાયું હોય તો જરૂર તેને નષ્ટ થવા દો. પરંતુ હું ધારી શકું છું કે હજુ આપણે એટલા બધા પતિત થયા નથી. હજુ આપણને આપણા સામાજીક અને ધાર્મિક જીવન પ્રિય છે.

બંધુઓ ! આપણી પાસે ભગવાન્ મહાવીર પ્રભુ કે જેઓનો એકલા જગતનું નહીં, બલ્કે પ્રાણીમાત્રનું કલ્યાણ કરવાનો ઉદ્દેશ છે, અને તેજ ઉદ્દેશને સિદ્ધ કરે તેવો તેમનો ઉપદેશ આગમોમાં ભર્યો પડયો છે. તે ઉપદેશનું રહસ્ય જગત્‌ની મિલ્કત છે. પરંતુ જગત્ જાગૃત થયું નથી, ત્યાંસુધી તે સાચવી રાખવાનો ભાર આપણા ઉપર છે. જ્યારે જગત્ કંઇક જાગશે, અને તેમના ઉપદેશની કિંમત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આંકતું થશે, ત્યારે યોગ્યતાનાં પ્રમાણમાં તેમાંથી થોડું થોડું આપણે આપીશું. એ ખાતર પણ આપણે આપણી સમાજ, ધાર્મિક તત્વો અખંડ પરિશ્રમે જગત્‌માં અક્ષત રાખવા જાગૃત થવું જોઇશે.

બંધુઓ ! હવે ક્યાંસુધી ઉંઘશો ? તમારૂં સંઘબળ ટકી રહે માટે જાગૃત થાઓ. જો તમારૂં સંઘબળ તમને વાસ્તવિક રીતે અનિષ્ટજ જણાતું હોય, તો ભલે તેનો નાશ થવા દેજો. પરંતુ જો ઇષ્ટજ હોય તો તે ખાતર ગમે તેવાં કષ્ટો સહન કરવા, ગમે તેવાં ભોગ આપવા, અને સ્વાર્થ પરાયણતાનો ત્યાગ અથવા મર્યાદા બાંધવા જરૂર તૈયાર થવું જ પડશે.

બસ, બંધુઓ ! કર્તવ્ય પરાયણ બની જાઓ, વાતોથી કંઈ નહીં વળે, ક્રિયાત્મક બનો. જો તમોને મોટર ખાતર વતન છોડવું પડતું હોય તો, તેનો મોહ છોડો. કૅાલર, ટાઇ, કે બંગલા ખાતર વતન છોડવું પડતું હોય તો તેનો પણ મોહ છોડો. યદ્યપિ બંધુઓ ! વતન છોડીને ઉપરની ચીજો તમે મેળવી શકો, પરંતુ જાણ્યે અજાણ્યે તમારે વતન, ધર્મ, જાતિ, સમાજ, વિગેરે વેચવાં પડે છે; અને તેને બદલે તમે માત્ર વૈભવની ઉપરની ચીજો ખરીદો છો. એ જરા ઉંડા ઉતરીને વિચારશો તો જરૂર સમજશો. છેલ્લા દશ વર્ષમાં તમારા વતનને કેટલા યુવાનોને સંઘર્યા ? ને કેટલા બહાર ગયા ? તેનો હિસાબ કાઢશો. તેથી જીવન મર્યાદિત બનાવી આપણું સામાજીક જીવન વ્યવસ્થિત બનાવો. જ્યારે સામાજીક જીવન વ્યવસ્થિત બનશે ત્યારેજ નીતિ, ધર્મ, અર્થ, કામ વિગેરે અવ્યવસ્થિત થઇ ગયાં છે. તે પણ વ્યવસ્થિત બનશે. પછી સમાજ, ધર્મ વિગેરે જળવાશે. જો તમે જાગૃત નહીં થાઓ, તો તમારા વખતમાં અનિષ્ટ પરિણામ ઓછું આવશે, પરંતુ તમારી સંતતિના વખતમાં વધારે પરિણામ આવશે, અને તે તેનો પ્રતિકાર કરવા અશકત હશે. આ રીતે સંતતિ માટે મિલ્કતો અને બંગલાઓનો વારસો મુકી જવાને બદલે તેઓનું જીવન સુદ્દઢ બનાવીને ખરો વારસો આપવાનો પ્રયત્ન કરો. અને જો શક્તિ નહીં હોય તો મિલ્કત વિગેરેનો ગમે તેટલો વારસો આપ્યો હશે તોપણ ગુમાવી બેસતા વાર નહીં કરે. માટે આમ ભવિષ્યનો વિચાર કરીને બંધુઓ! અવળી પ્રવૃત્તિઓ છોડો, ને કંઇક હવે આજુબાજુ, આગળ પાછળ એમ દરેક તરફ તપાસી જોઇ ચાલતાં શીખો.

આજે નહીં ચેતો, તો ઠોકર ખાધાં પછી કાલે ચેતશો. પરંતુ યાદ રાખજો પ્રતિ દિવસે તમારી સામાજીક અંતઃશક્તિ ઘસાતી જાય છે. એટલે આજ કરતાં આવતી કાલે સ્હેજ નબળાઇમાં વધારો થશે. પછી જાગશો ત્યારે વધારે બળ કરી ઉન્નતિ સાધી શકશો. વ્હેલા ચેતનારને ઓછી મહેનત પડશે. આ અટકળ સિદ્ધાંતનો મર્મ ગહન છે. સમજદાર માટેજ પ્રવૃત્તિ હોય છે. જાગૃત થાઓ, વા ન થાઓ; તને માટે મારી તો તટસ્થતાજ છે. પરંતુ માર્ગ બતાવવો તે મારૂં કર્ત્તવ્ય સમજું છું.

**પ્રભુદાસ બેચરદાસ પારેખ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આપણી બૂરી આદતો સુધારી લેવાની જરૂર.

લે૦ સદ્‌ગુણાનુરાગી મુનિમહારાજશ્રી કર્પૂરવિજયજી.

૧ જેથી આપણું અને આપણી પ્રજા વિગેરે આસપાસનાં સંબંધી જનોનું હિત બગડે ( અહિત થાય ) એવી બૂરી આદતો આપણે યત્નપૂર્વક તજવી જોઇએ. સુખી થવાનો એજ ખરો ઉપાય છે.

૨ ક્રોધ–રોષ, દ્વેષ, ખાર, ઇર્ષ્યા, અદેખાઇ અને વેરઝેર કરી વધારવાની બૂરી આદતથી સ્વપરને કેટલી બધી હેરાનગતિ થાય છે ? કેટલાં બધાનાં લોહી અવટાય છે ? અને કેટલાં બધાંની એમાં સંડોવાયાથી પાયમાલી થવા પામે છે ?

૩ ક્ષમા–સહનશીલતા, ધીરજ–શાન્તિ, સમતા–મધ્યસ્થતા, ન્યાય–નીતિ ને નિર્પક્ષતાનું સેવન આદર સહિત કરવાથી સ્વપરનું કેટલું બધું હિત સધાય છે ? અહિત થતું અટકે છે, લાજ પ્રતિષ્ઠા વધે છે, સુખ સંપત્તિ મળે છે અને ચોખ્ખે ચિત્તે શુદ્ધ દેવગુરૂ ને ધર્મતત્ત્વનું યથાવિધિ આરાધન કરી ઉત્તરોત્તર અધિકાધિક આત્મ ઉન્નતિ સધાય છે, અને અનેક ભવ્યાત્માઓને માર્ગદર્શક બનાવાય છે.

૪ મિથ્યા માન–અહંકાર, મદ–ગર્વ ને ઉદ્ધતાઈથી થયેલી અને થતી ખૂવારીનો ખ્યાલ બાંધી, તેમજ એથી ભવિષ્યમાં થનારી અવર્ણ્ય ઉપાધિનો કંઇક વિચાર કરી, તેથી વિરમવું ઘટે છે.

૫ વિનય–મૃદુતા, નમ્રતા–સભ્યતા સહિત ઉચિત આચરણથી સ્વપરને કેટલો બધો લાભ ( ગુણ ) વાધે છે ? એ અજબ વશીકરણથી કેટલાં બધાં શત્રુ સુદ્ધાં વશ થઇ જઇ મિત્ર જેવાં બને છે ? અને આ લોક તેમજ પરલોક સાધનમાં કેટલી બધી અનુકૂળતા થવા પામે છે ? ધર્મનું મૂળજ વિનય જાણી, સહુએ તેનું સાદર સેવન કરવું ઘટે છે.

૬ માયા–કપટ, છળ–પ્રપંચ, દગો, વિશ્વાસઘાત ને દંભ રચનાવાળા મુગ્ધ જીવોપર વંચના કરવા જતાં પોતેજ કેટલાં બધાં ઠગાય છે ? ખરા સુખથી વંચિત રહી સમ સર્વત્ર દુઃખી, દુઃખી ને દુઃખીજ થયાં કરે છે.

૭ સરલ સ્વભાવી ભોળા ભદ્રક પરિણામીનુંજ કલ્યાણ થવા પામે છે.

૮ લોભ–તૃષ્ણાવશ સ્વાર્થઅંધ બનેલા જીવોના દુઃખનો પારજ રહેતો નથી.

૯ સ્વાર્થત્યાગી, પરદુઃખભંજન, સંતોષી જનોજ સર્વત્ર ખરૂં સુખ મેળવી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ રાગ દ્વેષ વશ જીવો હિંસા, અસત્યાદિક પાપ--પંકથી પોતાના આત્માને ખરડે છે.

૧૧ સમતાભાવી તત્ત્વરંગી વડભાગી ઉક્ત અનેક પાપસ્થાનોથી સહેજે બચે છે.

૧૨ મોહઅંધ જીવો ખોટા માર્ગે દોરવાઇ જઇ, અનર્થભાગી થઇ દુર્ગતિમાં પડે છે.

૧૩ મોહને જીતનારા સાચે માર્ગે સંચરી સહેજે ભવસાગર તરી, બીજાને તારી શકે છે. ઇતિશમ્.

## શાસનસેવા કરવા ઇચ્છતા સહુ ભાઇ બ્હેનોએ સાધર્મી ભાઇ બ્હેનો પ્રત્યે કરડાઇ નહીં રાખતાં શુદ્ધ પ્રેમભાવથી કુશળ વ્યવહાર આદરવો જોઇએ.

લે૦ સ. મુ. ક. વિ.

૧ કૂવામાં હોય તો હવાડામાં આવે એ કહેવત સાચી છે. આપણા સહુ સાધર્મી ભાઇ બ્હેનો બધી વાતે સુખી હોય, અંતરમાં તત્ત્વ પ્રકાશ હોય, નિર્મળ શ્રદ્ધા હોય અને આચરણ પણ સાચા જૈનને છાજે એવું શુદ્ધ–સરલ–નિષ્કપટ હોય તો સ્વહિત–ઉન્નતિ કરવા સાથે પોતાના સાધર્મી ભાઇ બ્હેનોની ઉન્નતિ થાય એવી મમતાભરી લાગણી તેના દીલમાં સહેજે રહેવા સંભવ છે, પરંતુ જેમનામાં ઉક્ત વસ્તુનો સદ્ભાવજ ન હોય તે અન્યને કયાંથી નીહાલ કરી શકે ?

૨ ઉત્તમ ચિન્તામણિ સમાન ધર્મની પ્રાપ્તિ થવાથી દુઃખ, દારિદ્ર ને દિનતાદિ એકાએક દૂર થઇ જાય છે. પરંતુ પાત્રતા–લાયકાત વગર પવિત્ર ધર્મની પ્રાપ્તિ થઇ શકતી નથી અને તેના વગર દુઃખનો અંત આવવાનો નથી.

૩ વીતરાગ પરમાત્મા જેવા પરમદેવ અને સાધુ–નિર્ગ્રંથ જેવા ત્યાગી ગુરૂનો પંજો અર્થોજ હોય તેનામાં ભૂંડી સ્વાર્થ અંધતા–મલીન વાસનાઓ રહેવા કેમ પામે ? તેનું હૃદય શુદ્ધ પ્રેમભર્યું ને વિશાળ થયા વગર કેમ રહે ? પારસના સંગે લોહ પણ કાંચનજ બને.

૪ દરેક શાસનપ્રેમીનાં દીલમાં સહુનું હિતચિન્તનરૂપ **મૈત્રીભાવ**, દુઃખીનું દુઃખ દૂર કરવા રૂપ **કરૂણાભાવ**, સુખી તથા સદ્ગુણીને દેખી દીલમાં પ્રમુદિત થવા રૂપ **પ્રમોદભાવ** અને પરદોષની ઉપેક્ષા કરવા રૂપ **ઉપેક્ષાભાવ** સદોદિત–કાયમ જાગૃત રહેવોજ જોઇએ. એથીજ પવિત્ર ધર્મની યોગ્યતા અને પ્રાપ્તિ તથા રક્ષા થઇ શકશે. ઉકત ભાવ વગરની સર્વ ધર્મકરણી નિષ્ફળપ્રાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ ચિન્તામણિ રત્ન સમાન ધર્મ ખરા પાત્રજનોમાંજ ટકી રહે છે. તેવાં ધર્મીજનોનો શુદ્ધ પ્રેમભાવથી આદર-સત્કાર કરનાર પણ ઉક્ત ધર્મને યોગ્ય બને છે. ધર્મની રક્ષા તથા પુષ્ટિ કરનારની રક્ષા ને પુષ્ટિ ધર્મ કરે છે. પરંતુ જે જડબુદ્ધિજનો પવિત્ર ધર્મનો તથા ધર્મીજનોનો અનાદર કરે છે તેઓ તો હાથેકરીને પોતાનું ભવિષ્યજ બગાડે છે. કહ્યું છે કે—ધર્મના પ્રભાવથી સુખ સમૃદ્ધિ પામ્યા છતાં જે મંદ બુદ્ધિજનો એજ ઉપકારી ધર્મનો ધ્વંસ-નાશ કરે છે તે સ્વામીદ્રોહી યા આત્મદ્રોહીનું ભવિષ્ય કયાંથી સુધરશે? તેમનું શ્રેય શી રીતે થશે?

૬ અહિંસા, સંયમ અને તપ લક્ષણ પવિત્ર ધર્મ જાતે કર્યો છતો, કરાવ્યો છતો કે અનુમોદ્યો છતો મહાફળ-લાભ આપે છે. ધર્મીજનોને યથાયોગ્ય સહાય આપનારા ધર્મનેજ ઉત્તેજન આપે છે, પરંતુ જે હીનબુદ્ધિ જનો તેમના માર્ગમાં વિઘ્નો ઉભા કરી તેમને હીણા બનાવવા નબળો પ્રયત્ન કરે છે, તેમને તેમની બૂરી કરણીનું નબળું ફળ-પરિણામ મળતાં જરૂર શોસવું પડે છે. તેથી તેવો નબળો પ્રયત્ન નહીં કરતાં સ્વપર હિત-ઉન્નતિ થાય તેવો સફળ પ્રયત્નજ કરવા ઉજમાળ રહેવું ઘટે છે.

૭ પ્રિયધર્મી અને દૃઢધર્મીજનો ઉપર અવિહડ પ્રેમ રાખવા દરેક ભવ્યાત્માએ લક્ષ રાખવું ઘટે, એથી પવિત્ર ધર્મની રક્ષા ને વૃદ્ધિ સાથે આપણી પોતાની ઉન્નતિ સધાય છે-આપણી હૃદયભૂમિ ઠીક ખેડાઇને સાફ બને છે, તેમાં રૂડાં બીજ સંસ્કાર રોપાય છે અને પરિણામે આપણે મહાલાભ પામીયે છીયે. ઇતિશમ્.

# પરમાત્મપણું પ્રાપ્ત કરવા માટે કેવા પ્રયત્નની જરૂર છે?

અનાદિકાળથી પરિભ્રમણ કરનાર આ આત્માએ પોતાનામાં છુપાઇ રહેલ પરમાત્મપણું પ્રગટ કરવાને ખરેખરો પ્રયત્ન નહીં કરવાથીજ ચાલુ સ્થિતિ રહેલી છે, જેથી દરેક ભવ્યાત્મામાં છુપાઇ રહેલ પરમાત્મપણું પ્રગટ કરવા ઉદ્યમ કરવો જોઇએ. શ્રીમહાવીર પરમાત્મા જેવા મહન્ પુરૂષો એક રીતે મનુષ્યપણાનું ખરૂં તત્ત્વ પ્રગટ કરનાર છે. અનેક પાપકર્મોથી પોતાના ખરા સ્વરૂપને જેણે અંધારામાં રાખ્યું છે તેવા આત્માને ફરી પ્રકાશમાં લાવવાને સમર્થ છે. હાલમાં નિત્ય થતી નામની પરમાત્માની પૂજા-ભક્તિથી નહીં, પરંતુ એક ચિત્તથી, અભય, અરોચકપણું અને અદ્વેષપણાથીજ તેવો પ્રસંગ પ્રાપ્ત થાય છે. અવનતિના ખાડામાં પડતાં પ્રાણીને બ્હાર આવવાને જયારે બીજા કોઇપણ સાધન નકામા થઇ પડે છે ત્યારે પરમાત્માના વચનો કે જે શાસ્ત્રોમાં છે તેજ માત્ર તેની ઉન્નતિનો માર્ગ બતાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્ય મેળવવા માટે માનસિક પરાવર્તન થવુંજ જોઇએ કે જેનો સંભવ ધાર્મિક-નીતિમાન પુરૂષોને ખાત્રી આપવાને મુશ્કેલ નથી. કોઇ મનુષ્ય ગમે તેટલા અજ્ઞાનમાં ગુંગળાઇ ગયો હોય તો પણ તેનાં આંતરિક આત્મામાં પોતે મૂળ સ્વરૂપ ગુમાવેલું હોતું નથી, જેમકે એક અકાર્ય કે અણાચાર સેવન કરતાં પહેલાં પ્રથમ ક્ષણે મનુષ્ય અટકે છે, તેનો આત્મા ના પાડે છે, પછી અજ્ઞાનતાના દબાણથી-જોરથી તે આચરે છે, જેથી અજ્ઞાનથી કે કર્મથી ભ્રષ્ટ થયેલા મનુષ્યને જો કોઇ પ્રસંગે બાહ્ય કે આભ્યંતર સ્વરૂપે જો કદાચ પરમાત્મપણાનો યોગ થાય તો તેના સંપૂર્ણ પ્રભાવથી સત્ય સ્વરૂપની (પોતાના સ્વરૂપને ઓળખવારૂપી જ્ઞાનની) સુંદરતાનું પ્રતિબિંબ પડતાંજ છુપાઇ રહેલી ગુપ્ત શક્તિઓ મૂળસ્વરૂપે જાગૃત થતાં તે પોતાના સ્વરૂપને-જતને ઓળખી શકે છે. આવી રીતે અજ્ઞાનપણાની સામે થઇ પોતાના મૂળ સ્વરૂપ શોધવા, અને તે શી રીતે શોધાય તેવા પ્રયત્નો કરવા માટેની નિરંતર દરેક મનુષ્યને ધર્મક્રિયાઓ-કરણીઓનો ઉદ્યમ હોવો જોઇએ કે જેથી એમ કરતાં કરતાં અંતરમાં સત્ય સ્વરૂપ જાગૃત થશે અને ત્યારેજ સત્ય સ્વરૂપની શુદ્ધ પ્રતીતિ સ્વયમેવ પ્રગટશે. શાસ્ત્રકાર મહારાજે તો દરેક ક્રિયા આવું સ્વરૂપ પ્રાપ્ત કરાવનારી બતાવેલી છે, છતાં વર્તમાનકાળમાં આપણી પ્રવૃત્તિઓ વિચારીશું તો માલમ પડશે કે જે જે કાર્યો (ક્રિયાઓ) થાય છે તેમાં કાંતો એક બીજાનું અનુકરણ થાય છે, તેમ કેટલીક ક્રિયાઓ માત્ર કીર્ત્તિના લોભે કે વાહવાહ કહેવરાવવા માટેની દેખાય છે, કેટલીક વગર સમજે થાય છે, કેટલીક સમયને પ્રતિકૂળ થાય છે. દાખલા તરીકે એક વરઘોડો ચડાવવો તે પણ વાહવાહ કહેવરાવવા કે ચડાવનારના કીર્તિ અથવા અભિમાન માટે જે થઇ પડે છે, તેને બદલે શાસનોપ્રભાવ વધે કે તે ક્રિયા કરનારના આત્માની નિર્મળતા થવા માટે તે હોવું જોઇએ. વળી તે સાથે તે વખતના જમાનાને અનુકૂલ છે કે કેમ ? તે પણ જોવું જોઇએ, વળી બીજું સ્વામિવાત્સલ્ય કે જેનો અર્થ પોતાનો ધર્મીબંધુ અજ્ઞાની, રોગી, દુઃખી, વિદ્યા મેળવવા આજીવિકાના સાધન વગરનો હોય કે કોઇ બીજા પ્રકારે સીદાતો હોય તેને તેવી તેટલી મદદ કરવી, આ તેનો ખરો અર્થ છે અને હોવો જોઇએ, છતાં તેવી સંભાળ, તેવું સ્વામિવાત્સલ્ય, થયેલ કયે સ્થળે કયા મનુષ્યો કરે છે તે આપણે જોઇએ છીયે, તેને બદલે હાલના જમાનામાં જ્યાં જ્યાં બેચાર વર્ષે કાંતો દુષ્કાળ, કાંતો રોગોપદ્રવ આવી ઉભા છે અને જે પ્રસંગે ખરેખરી મદદની જરૂર હોય છે તેવા પ્રસંગો માટે કેટલા મનુષ્ય કટિબદ્ધ થઇ તેવાઓના દુઃખો દૂર કરવા દ્રવ્ય અને જાતિભોગ આપી તૈયાર રહે છે? કોમમાં ગરીબાઇ વધતી જતી હોય, શિક્ષણ વગર બાળકો રહેતા હોય, ધંધા વગર ધર્મબંધુઓ રઝળી ભીખ માંગતા હોય તેવા પ્રસંગોએ કેવા સ્વામિવાત્સલ્યની જરૂર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તે વિચારવાનું છે. શરમે, દબાણે, કીર્તિએ કે બ્હીકે નામની થતી ટીપોમાં પૈસા ભરી યશ લે છે અને જ્યાં નામના રાખવાની હોય તેવા પ્રસંગોએ ગમે તેટલા પૈસા આપે છે અને તેવા પ્રસંગોએ કહેવાતું સ્વામિવાત્સલ્ય એક સાથે એક દિવસે સાથે તમામ સમુદાયનું એકઠું ભોજન આપી–કરી હજારો રૂપીયા ખરચી નાખે છે, જો કે તે અયોગ્ય છે એમ કહેવાનો હેતુ નથી, પરંતુ કયા પ્રસંગે આપણા ધર્મબંધુઓને કેવી મદદની જરૂર છે તેને માટે તે વખતે કે અગાઉથી તૈયારી કરી રાખેલી હોતી નથી અને માત્ર નામનાની ખાતર હજારો રૂપીયા ખર્ચાય છે, જેથી જે કાળમાં અથવા જે સમયે જે જાતનું સ્વામિવાત્સલ્ય થવું જોઇએ તે જાતનું નહીં થતું હોવાથી તેવી ક્રિયા કરનારને માત્ર કીર્તિદાન કે વાહવાહ સિવાય ફળ મળતું નથી, વળી સામાયિક જેવી અપૂર્વ ક્રિયામાં પણ મન, વચન, કાયાની જે પ્રકારે શુદ્ધિ રાખવી જોઇએ, તેટલા વખતમાં જે સમતા, ધ્યાન, માનસિક નિર્મળતાના વિચારો આવવા જોઇએ, તે નહીં આવવાથી પણ જોઇએ તેવું ફળ મળતું નથી. વળી પરમાત્માની પૂજા દેવાલયમાં કરતી વખતે દ્રવ્યપૂજામાં જ્યારે લાંબો વખત ગાળવામાં આવે છે ત્યારે ભાવ પૂજામાં તેવી ફુરસદ રહેતી નથી, આવી સ્થિતિ જ્યાં છે ત્યાં મનની એકાગ્રતા–તલ્લીનતા વિષે તો વિચારજ શો કરવો? શાંત પરમાણુઓથીજ ભરિત દેવાલય, શાંત મુદ્રાથી બીરાજીત તેમાં પરમાત્માની અપૂર્વ મૂર્તિ, છતાં વિકાર ભાવો મનની ચંચળતા તો દૂર થતાં નથી, પરંતુ મનની અને વચનની પણ શાંતિ–એકાગ્રતા રહેતી નથી, જ્યાં એક મનુષ્ય ચૈત્યવંદન કરતાં પ્રભુભક્તિનું સ્તવન બોલે છે ત્યાં બીજો બીજી રીતે બોલે છે, ત્યાં વળી પૂજારી ઘી બોલી ઘોંઘાટ મચાવે છે, વળી ચોથો મનુષ્ય બીજી રીતે ગડબડ કરે છે એટલે કદાચ કોઇ ધ્યાન કરતું હોય કે સ્તવનાદિકમાં તલ્લીનતા તેને થતી હોય તો પણ આ બધી પ્રવૃત્તિઓ અવિવેકવાળી એવી દેખાય છે કે, એક બીજાને અગવડ કરનારી અને શાંતિનો લોપ કરનારી દેખાય છે, વળી કેટલેક સ્થળે તો પૂજા પ્રથમ કરવા વગેરેની પણ રસાકસી અને ગડબડાટ, શોરબકોર વગેરે મચેલો જોઇએ છીએ, જે અપૂર્વ સ્થળમાં સમતા, શાંતિ, સગવડતા, સહોદરતા વગેરે જોઇએ ત્યાં તેથી ઉલટું દેખીયે છીયે, જેથી શાસ્ત્રકારે ફરમાવેલ આજ્ઞાની દરકાર નહીં હોવાથી, સમયને નહીં ઓળખતા હોવાથી, ધર્મઘેલાપણાથી, પક્ષપાત અને કીર્તિની અભિલાષાપણાને લઇને અને છેવટે અજ્ઞાનપણાને લઇને ધર્મના આવા અપૂર્વ શાંતિના સ્થાનો અને તેના ઉત્તમ અનુષ્ઠાનો જે પ્રાણીઓને અક્ષય સુખ, શાંતિ ઉત્પન્ન કરાવનારા છે, તે આલંબનો આત્માને જોઇએ તેવા લાભદાયી થઇ પડતા નથી.

અમારે એક ઇતર દર્શનના એટલે કે રોમન કેથોલિકના દેવળોની શાંતિ માટે કહેવું પડશે કે તેઓના દેવળમાં તે ધર્મવાળા જ્યારે રવીવારે બંદગી–પ્રાર્થના કરે છે ત્યારે કેવી શાંતિ, કેવી એકાગ્રતા, કેવી એક તલ્લીનતા જોવામાં આવે છે, તે જેઓએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં જોયું હશે તેને માલમ છે, છતાં આપણાં ધર્મસ્થાનો કે જ્યાં અનંતગણી મનુષ્યોમાં શાંતિ વગેરે જોઇએ તેને બદલે શું સ્થિતિ છે તે સૌ કોઇ જાણે છે. શાસ્ત્રકારે જે ફરમાવેલ છે તેની દરકાર વિનાના અને સમયથી પ્રતિકૂળ વર્તનારા ધર્મની, રાજનીતિ, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવની અવગણના કરનારા આપણે અનેક પ્રયાસો આવી રીતે કરીયે તો સત્ય સ્વરૂપ શી રીતે બહાર આવે તે સમજી શકાતું નથી. જેથી તે માટે શું કરવું જોઇએ અને પરમાત્મપણું પ્રાપ્ત કરવા માટે કેવા પ્રયત્નો કરવા જોઇએ તે હવે જણાવવાનું છે. ( ચાલુ. )

# મોહરાજ—પરાજય,

## નાટકનો પરિચય.

( ગતાંક પૃષ્ટ–૯૭ થી )

**લેખક અને નાટકનો રચના સમય.**

નાટયની રીત્યનુસાર નટી સૂત્રધારને પૂછે છે કે " સંઘની આજ્ઞાનુસાર તું કૃતાર્થ થઇ શકે તેવો અભિનવ પ્રબંધ કોઇ છે ? " જ્યારે સૂત્રધાર જણાવે છે કે " મોઢવંશના મુકુટ સમાન, મંત્રી ધનદેવ અને તેની ધર્મપત્ની રુકિમણીની કુક્ષિથી પ્રસૂત પામેલ શ્રીમાન્ કવિ યશઃપાલ વિનિર્મિત મોહરાજ–પરાજય નામનું નાટક છે. "

સૂત્રધારના કથનાનુસાર જ્ઞાત થાય છે કે નાટયકારનું નામ યશઃપાળ છે. સૂત્રધાર પ્રબંધનો નિર્દેશ કરતાં નાટયકારની સામાન્ય ઓળખાણ આપ્યા ઉપરાંત કેટલીક વિશેષ સામગ્રી પણ રજુ કરે છે. તેના પિતાને મંત્રી તરીકે વર્ણવે છે, અને બીજા કેટલાંક વિશેષણો યશઃપાલનાં વર્ણવે છે. તેમાં જણાવે છે કે " ચક્રવર્ત્તિ શ્રી અજયદેવના ચરણારવિંદનો રાજહંસ સમાન, સર્વ વિષયગ્રાહી વિશુદ્ધ બુદ્ધિના વિલાસના ભુવન સમાન, નિષ્કપટી રાજનીતિરૂપ પ્રમદાના વદનનું રૂપ નિહાળવાને દર્પણ સમાન, વ્યાપારીઓની કમલાના ( લક્ષ્મીના ) કુચ કલશ ઉપર મુક્તાફળના હાર સમાન, અભિનવ કાવ્ય–પ્રબંધાદિ રચવામાં તેની પ્રતિભા અનુપમ હતી અને પરમાર્હત. આ દર્શાવેલ છ વિશેષણોથી યશઃપાળની યોગ્યતા વિષે આપણને કંઇક ખ્યાલ આવી શકે છે. આમાં ચક્રવર્ત્તિ જયદેવનો જે ઉલ્લેખ છે, તે રાજા કુમારપાળની પછી રાજ્યસિંહાસને આવનાર અજયપાળ સમજવો. અજયપાળને માટે ઇતિહાસમાં જો કે મહત્વનું સ્થાન નથી, તેમ તેનો રાજ્ય–કાળ અતિ કુત્સિત રીતે પસાર પામ્યો છે, છતાં કવિ તેને ચક્રવર્તિ તરીકે નિર્દેશ કરે છે. પ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રંતુ 'રાજહંસ'ના વિશેષણથી સમજાય છે કે કવિ તેનો આશ્રિત હતો અને તે સમયના સામાન્ય નિયમાનુસાર સર્વે રાજાઓ પછી ભલે તે નાના હોય કે મ્હોટા, સારા હોય કે ખરાબ, પણ તેઓને માટે ચક્રવર્તિ વિશેષણ સાધારણ થઇ પડયું હતું. આને માટે આ નાટકમાંથીજ સબળ ઉદાહરણ મળી આવે છે. નાટકના સોળમા પાના ઉપર કુમારપાળનો ચક્રવર્તિ તરીકે ઉલ્લેખ કરેલ છે. તેમજ અન્ય સ્થળે પણ ધુરંધર રાજા સિદ્ધરાજ અને બીજા ભીમદેવ માટે પણ ચક્રવર્તિ શબ્દ વાપરેલ છે. હવે આ ત્રણ રાજાઓની સરખામણીમાં અજયપાળને કેમ મૂકી શકાય? આ ઉપરથી તેમ અન્ય શિલાલેખો ઉપરથી એમ અનુમાન થાય છે કે રાજાઓની વંશાવલીમાં જ્યારે કોઈ રાજા નામાંકિત થાય છે ત્યારે તેની પૂર્વેના તેમ તેની પછીના સર્વ રાજાઓને તે નામાંકિત રાજાની માફક સર્વે વિશેષણોનો ઉપયોગ કરાય છે.

હવે યશઃપાલનાં વિશેષણોનો પૃથક્ પૃથક્ વિચાર કરવાથી યશઃપાળનું સ્થાન સમજી શકાશે. પહેલા વિશેષણમાંજ તેને "અજયપાળના ચરણકમળનો રાજહંસ" તરીકે વર્ણવ્યો છે. તેથી તે તેના રાજ્યમાં કોઇ સારા સ્થાન ઉપર નિયુક્ત હોવો જોઇએ. કંઈક એમ પણ સૂચન થાય છે કે તે થારાપદ્ર (વર્ત્તમાન કાળનું 'થરાદ' પાલનપુર પાસેનું) નો સૂબો હતો. આથી રાજ્યમાં તેનું સ્થાન ઠીક ગણી શકાય. બીજા વિશેષણમાં તેની બુદ્ધિ માટે તેને સર્વતોમુખી કહેવામાં આવ્યો છે. રાજ્યની નીતિઓ માટે તેને દર્પણની ઉપમા આપવામાં આવી છે, અને વ્યાપારીઓમાં પણ લક્ષ્મીથી ત્હેનું સ્થાન ઉન્નત જણાય છે. કાવ્યો રચવામાં પણ તેની અદ્ભુત શક્તિ વર્ણવવામાં આવી છે અને છેવટે તેને પરમાર્હત તરીકે વર્ણવવામાં આવ્યો છે. વિશેષણોથી એમ અનુમતિ બંધાય છે કે રાજ્યમાં, નૈપુણ્યમાં, રાજ્યનીતિમાં, સાહિત્યમાં, લક્ષ્મીમાં અને ધર્મમાં તેનું સ્થાન ઉચ્ચ હતું.

કવિના વિશેષણો ઉપરથી અને નાટકના અધ્યયનથી એમ કહી શકાય કે કવિની અન્ય પણ કંઈક કૃતિ હોવી જોઈએ. પરંતુ અધુના તો આ નાટય સિવાય અન્ય કંઈપણ કૃતિ ઉપલબ્ધ નથી. આપણા જૈનોના નાટયસાહિત્યમાં આ નાટકનું કેવું સ્થાન છે તે માટે આપણે આગળ વિચારશું. હવે આનો રચના સમય વિચારીએ. એ તો નિશ્ચિત છે કે અજયદેવના રાજ્યકાળમાં આ નાટક રચવામાં આવ્યું હતું અને ઈતિહાસથી અજયદેવનો રાજ્યકાળ વિ. સં. ૧૨૨૯ થી ૧૨૩૨ આવે છે. એટલે નાટકનો રચના-કાળ આ સમયમાં નિર્ણિત થાય છે.

થારાપદ્રમાં કુમારપાળે બંધાવેલ કુમારવિહારમાં, શ્રી વીરજીનેશ્વરના યાત્રા મહોત્સવ પ્રસંગે એકત્રિત થયેલ અસંખ્ય સામાજીક સમુદાયને વિશુદ્ધ રસનું પાન કરાવવાને આ નાટયપ્રયોગ ભજવી બતાવવામાં આવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાટકમાં શી શી વસ્તુસંકલના આવે છે, તેના માટે કવિએ એક શ્લોકદ્વારા જણાવ્યું છે તે નીચેના શ્લોકથી સમજાશે—

पद्मासद्म कुमारपालनृपतिर्जज्ञे स चन्द्रान्वयी
जैनं धर्ममवाप्य पापशमनं श्री हेमचन्द्राद्गुरोः ।
निर्वीराधनमुज्झता विदधता द्यूतादिनिर्वासनम्
येनैकेन भटेन मोहनृपति र्जिग्ये जगत्कण्टकः ॥

" કમલાના ભુવન સમાન, ચંદ્રવંશીય કુમારપાળ શ્રીમાન્ સદ્ગુરૂ હેમચંદ્ર થી પાપશમનક જૈનધર્મ પામ્યો, પામીને નિર્વંશીઓનું ગ્રહણ કરાતું ધન, તે લેવાને પ્રતિબંધ કર્યો, દ્યૂતાદિ મહા વ્યસનોનો નાશ કર્યો અને જગતમાં કંટક સમાન જે મોહનૃપતિ તેને જેણે એકાકી છતાં જીતી લીધો. " આ ઉપરથી નાટ્યવસ્તુ વાચકના ધ્યાનમાં આવી શકે છે. હવે તેનો ક્રમવાર પરિચય તપાસીયે.

( ક્રમશઃ ) રા. રા. છોટાલાલ મગનલાલ શાહ.

## ભવ્ય જીવોને સદ્બોધ.

( સ૦ મુ૦ ક૦ વિ૦ )

શેઠે જ્ઞાતિજન સમક્ષ ચાર પુત્રવધૂઓને પાંચ પાંચ શાળના દાણા સાચવવા આપીને તેમની યોગ્યતા સંબંધી કરેલી પરીક્ષા, તે ઉપરથી ભવ્યજનોએ લેવા જોગ સુંદર બોધ. જેવા શેઠ તેવા પરીક્ષા કરી કામ લેનાર, ગુરૂ મહારાજ જેવો સાક્ષીરૂપ સ્વજન–જ્ઞાતિ વર્ગ તેવા શ્રમણ સંઘ જેવી વહુઓ તેવા પરીક્ષા જોગ ભવ્યજનો અને જેવા શાલિદાણા તેવાં ઉત્તમ વ્રત નિયમો સમજવા.

૧ શેઠે સાચવવા આપેલા શાલિના દાણા ફેંકી દેનારી યથાર્થ નામ વાળી. **ઉજ્ઝિતા** તથાવિધ યોગ્યતા વગર જેમ કચરો પુંજો કે એઠવાડ કાઢવા પ્રમુખ કામો નોકરની પેઠે કરવાવડે મહાદુઃખ પામી તેમ જે ભવ્યાત્મા સંઘ સમક્ષ સદ્ગુરૂએ આપેલાં ઉત્તમવ્રતો અંગીકાર કરીને, મોહાન્ધ બની તેનો વિનાશ કરે છે, તે આજ ભવમાં લોકની નિંદાને પાત્ર બની પરલોકમાં પણ દુઃખથી પીડાતો અનેક વિધ જીવયોનિમાં અવતાર લેતો ભટકયા કરે છે.

૨ તથા જેમ શાલિના દાણા સાચવવા મળેલા ખાઇ ગયેલી યથાર્થ નામવાળી **ભોગવતી** રાંધણ ચિંધણ પ્રમુખ કામો દાસીની પેઠે કરી દુઃખભાગીજ થઇ તેમ જે મહાવ્રતાદિકનો જીવન નિર્વાહ પૂરતો મન ગમતાં ખાનપાન નિમિત્તેજ ઉપયોગ કરે છે અને મોક્ષ સાધનની ઇચ્છારહિતપણે વિવિધ આહારાદિકમાં આસકત રહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તે વેષધારી હોવાથી મનમાન્યાં આહાર પાણીને મેળવી શકે છે, પરંતુ તે તત્વજ્ઞ જનોના સત્કારનો પાત્ર થતો નથી અને પરભવમાં પણ દુઃખીજ થવા પામે છે.

તેમજ શાલિના દાણાને સારીરીતે સાચવી રાખનારી યથાર્થ નામવાળી રક્ષિતા વહુ જેમ કુટુંબ પરિવારને માનનિક થઇ અને ભોગ વિલાસને પામી તેમ જે કોઈ ભવ્યજીવ પાંચ મહાવ્રતાદિકને આદરસહિત ગૃહણ કરીને લગારે પ્રમાદ કર્યા વગર દોષ રહિત તેનું પાલન કરે છે તે ભવ્યાત્મા આત્મહિત સાધવામાં સાવધાન છતો આ લોકમાં પણ પંડિત લોકોવડે પૂજા સત્કાર પામી એકાન્ત સુખી થાય છે અને પરભવમાં સુખની પરંપરા પામી અંતે મોક્ષ પામે છે.

૪ વળી જેમ સ્વજનને બોલાવી પોતાને સાચવવા મળેલા શાલિના દાણા સારી રીતે સંભાળ પૂર્વક સ્વજનવર્ગ પાસે રોપાવનારી યથાર્થ નામવાળી સહુથી નાની વહુ રોહિણી શાળને ખૂબ વધારીને સર્વ માલમીલકતનું સ્વામીપણું પામી તેમ જે ભવ્યાત્મા સદ્ગુરૂ સમીપે સદ્વ્રતો આદરીને તેનું યથાર્થ પાલન કરે છે અને અનેક જનોનાં હિત અર્થે બીજા અનેક ભવ્યજનોને તેવાં વ્રત સમજાવી આપે છે તે મહાનુભાવ અહીં સંઘમાં શ્રેષ્ઠ એવાં યુગપ્રધાનના ઉપનામને પામે છે. અને ગૌતમ સ્વામીની પેઠે સ્વપરને, કલ્યાણકારી બને છે. વળી તે મહાશય પવિત્ર જિનશાસનની વૃદ્ધિ–ઉન્નતિને કરનાર, ઉન્માર્ગગામી અને ઉન્માર્ગનો ઉપદેશ દેનારને દૃઢતાથી નિવારનાર બની, વિદ્વાન જનો વડે સેવાતો પૂજાતો અનુક્રમે સિદ્ધિ પદ–મોક્ષ સુખને પામે છે, સાર–બોધ માનવ ભવાદિક દુર્લભ સામગ્રી પામી તેને સફળ કરવા ઉત્તમ ભાઇ બ્હેનો એ સદ્ગુરૂ સમીપે ઉત્તમ વ્રતનિયમોનું યથાર્થ સ્વરૂપ સમજી તેને આદરવા અને આરાધવા અવશ્ય ખપ કરવો.

## અહિંસા, સંયમ અને તપલક્ષણ સંબંધી બે બોલ.

અહિંસા, સંયમ અને તપ લક્ષણ ધર્મ મહામંગળરૂપ હોઈ, આદરવા યોગ્ય છે. વીતરાગ–સર્વજ્ઞના વચનાનુસારે સર્વ જીવોને આત્મસમાન લેખવા, સ્વાર્થવશ થઇ કોઇને પ્રતિકૂળતા ઉપજાવવી નહીં; સ્વાર્થત્યાગ કરીને સહુ સાથે સમભાવથી વર્તવું એવી ડહાપણભરી આચરણ તથા વિચાર અને વાણીની પવિત્રતા રાખવી તે અહિંસા સમજવી. જેથી સ્વપરના ગુણની રક્ષાને પુષ્ટિ થાય તે અહિંસા સમજવી. અથવા અજ્ઞાન, મિથ્યાત્વ, સંશયાદિક દોષો જેથી દૂર થવા પામે તે સર્વજ્ઞ કથિત અહિંસા દયા સદા સર્વદા સેવવા–આદરવા યોગ્ય છે. સંયમવડે ઉક્ત અહિંસા યા દયાનું રક્ષણ અને પોષણ થઇ શકે છે. મન સાથે ઇન્દ્રિયોનું દમન, અહિંસાદિક વ્રતોનું યથાર્થ પાલન, ક્રોધાદિક કષાયોનો નિગ્રહ અને મન વચન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાયાને કાબુમાં રાખવા સાવધાન રહેવું એનું નામ યથાર્થ સંયમ કહેવાય છે. તેમાં જેટલો પ્રમાદ કે અનાદર કે ઢીલાશ તેટલી સ્વગુણરક્ષારૂપ અહિંસામાં ખામી રહે છે. જે સ્વગુણરક્ષા કરી ન શકે તે બીજાને ગુણ પમાડવા શી રીતે સમર્થ થઇ શકે ? જે સદ્‌ભાગી જનો દેહગેહાદિક જડ વસ્તુઓપરની મમતા તજી, વૈરાગ્યનો આશ્રય લઇ, નિર્મળ દર્શન, જ્ઞાન અને ચારિત્રનું નિરતિચાર પણે પાલન કરે છે તે સાધુજનો સંયમ બળવડે સ્વપરનું ભારે હિત સાધી શકે છે. થોડી ઉપાધિ ઉપગરણોથી સંયમયાત્રાને નિર્વાહ કરી શકનાર કોઈને બોજારૂપ થયા વગર પોતે આનંદમાં મગ્ન રહી શકે છે અને સમજ પૂર્વક શક્તિ અનુસારે તેનું અનુકરણ કરનાર બીજાં ભાઈ બ્હેનો પણ યથાશક્તિ સંયમનું પાલન કરવાવડે જાતે સુખી થઈ પોતાની વ્હાલી પ્રજાને પણ સન્માર્ગદર્શક બની સુખી કરી શકે છે. શાસ્ત્રોકત બાહ્યાભ્યંતર તપ વડે સંયમની રક્ષા ને વૃદ્ધિ થઇ શકે છે. તપ વડે કર્મ–મળનું શોધન થાય છે. તપ કરતાં ધ્યાન બગડે નહીં, ઇન્દ્રિયો ક્ષીણ થાય નહીં અને ધર્મ–વ્યવસાય અટકે નહીં તો તે કલ્યાણ સાધી શકે છે. સમતા સહિત તપ કરતાં કઠણ કર્મનો પણ ક્ષય થાય છે. એ રીતે અહિંસા સંયમ અને તપલક્ષણ મહા મંગળમય ધર્મ જરૂર આદરવા યોગ્ય છે. ઇતિશમ્.

# જીવનની સાર્થકતા.

આપણે કોઇને પૂછીએ કે "મારૂં જીવન સાર્થક કેવી રીતે થાય ?" તેના ઉત્તરમાં જુદી જુદી જીવન–ભાવનાવાળા મનુષ્યો તરફથી જુદા જુદા પ્રતિપાદનો કરવામાં આવશે. આપણે જુદા જુદા ધર્મ–સંપ્રદાયોના એવા કેટલાક દષ્ટિ–બિંદુઓ આજે તપાસીએ:—

એક જૈન મતાવલંબીને ઉપરોક્ત પ્રશ્ન કરીએ તો તેના ઉત્તરમાં તે કાંઇક નીચેના ભાવવાળો ઉત્તર આપશે. "ભાઇ, આ દુનિયામાં પ્રાણીમાત્ર પોતાના કર્મનો ભોગ કરવા માટે આવે છે. કોઇ જાતના રાગ–દ્વેષ વિના, સમભાવે, અવિકારી ચિત્તે, શુભાશુભ કર્મોનો ઉદય વેદી લેવો, અને નવા ભાવ–કર્મ ન ઉપજાવતા ઉદયાધિન દ્રવ્યકર્મને પ્રશાંતવૃત્તિથી ભોગવી લેવા. આ સંસાર એક પ્રકાન્ડ ભીષણ કારાવાસ છે, તેમાં સુખ–દુ:ખની કલ્પના ન કરતાં, બને તેટલી ધીરજથી સર્વ પ્રકારની શાતા–અશાતાવાળી ઘટનાઓ સમાહીત ચિત્તે વેદી લેવી, અને તે પ્રકારે પાછલા કર્મોને ભોગદ્વારા સત્ત્વહીન કરી નાખવા. નવા કર્મો ન બાંધવા અને જુનાને અવિકાર ભાવે ભોગવી લેવા, એ મનુષ્ય–જીવનની સાર્થકતા છે. બાકી તો આ સંસારમાં કોઇ કોઇનું નથી. પ્રાણી માત્રને પોતપોતાનું સંભાળી લેવાનું છે, કોઇ કોઇને સહાયક નથી તેમજ બાધક નથી."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર પ્રમાણે જનતાપ્રેમ નહીં સમજનાર એક રૂઢીબદ્ધ જૈન મતાવલંબી બાળજીવ કહે છે.

આ ભાવનાના મૂળમાં, કેટલુંક શુષ્કપણું રહેલું છે. સંસાર એક કારાગૃહ, અગર સીમાહીન મહાર્ણવ, અગર ભયાનક શુષ્ક અરણ્ય હોવાની ભાવના માનવ–હૃદયમાં જડાઇ રહે છે. જીવનની સર્વ પ્રકારની રસમયતા આ દુ:ખમયતાની ભાવનાવડે ચુસાઇ જાય છે. પૂર્વના મહામુનિઓએ આત્માને રસમય, આનંદમય, પ્રેમમય રૂપે વર્ણવ્યો છે. અને એ પ્રકારે તેનો અનુભવ કરવા ઉપદેશ આપ્યો છે. તેને ઉપરોક્ત ભાવનામાં સ્થાન નથી. એ ભાવનાની સિદ્ધિ દ્વારા જીવનની સાર્થકતા જ્ઞાનીજનો માનતા નથી.

એક ચુસ્ત વેદાંતીને ઉપરોક્ત પ્રશ્ન કરવામાં આવે તો તે એવી મતલબનો ઉત્તર આપશે કે:—" જીવન, મરણ, વિશ્વ, અને સર્વ પ્રકારનો વ્યવહાર એ માત્ર ભ્રાન્તિ છે, માયા છે, પ્રપંચ છે, મિથ્યા છે, જીવન એ માત્ર સ્વપ્ન છે, અજ્ઞાનજન્ય ખોટો આરોપ માત્ર છે, બંધ અને મુક્તિ એ માત્ર માયાવી જીવની અસત્ કલ્પના છે. જગત્ અને જગત્‌ના સર્વ પદાર્થો ત્રણે કાળમાં છેજ નહીં, માત્ર રજ્જુમાં સર્પની ભ્રાન્તિની પેઠે એ સહુ અસત્ છે, ભ્રાન્તિ છે. "

આ ભાવનામાં માત્ર શુષ્ક બુદ્ધિવાદ સિવાય કશું જ નથી. એથી મનુષ્યની સર્વ પ્રકારની પ્રવૃત્તિમાંથી દીવ્ય પ્રેરકભાવના ઉઠી જાય છે. બધું ભ્રાન્તિમય, અસત્, દૃષ્ટિ-વિપર્યય જણાય છે. જગત્ જે શાશ્વત ધર્મ–નિયમોવડે શાસિત છે, તેમાં કશું મહત્વ સમજાતું નથી. જીવનનું મહત્વજ્ઞાન નષ્ટ થાય છે. સમાજની, રાષ્ટ્રની, દેશની અને વિશ્વની ઉન્નતિ, અભિવૃદ્ધિ અને વિકાસના કાર્યમાં કશોજ રસ રહેતો નથી. એ સર્વની પછવાડે કોઈ પ્રકારની દીવ્ય સત્તા કામ કરી રહેલી છે. એ ભાન લોપ પામી જાય છે, અને મનુષ્યમાત્ર ભ્રાન્તિના પ્રદેશનો મુસાફર હોવાની ભાવના દ્રઢીભૂત થાય છે. માનવ–જીવનની આ ભાવના પણ વિચારવાન જનોને સંમત નથી.

એક શ્રદ્ધાળુ ખ્રીસ્તધર્માવલંબીને જીવનની સાર્થકતા શેમાં રહેલી છે, એ સંબંધે પ્રશ્ન કરવામાં આવે તો તેનો ઉત્તર આપશે કે:—"ભાઇ, માનવ–જીવન એક કસોટીની અવસ્થા છે. આ જીવનની અમુક કાળ–વ્યાપી પ્રવૃત્તિ ઉપર મૃત્યુ પછીના અનંતજીવનના સુખ–દુ:ખનો આધાર રહેલો છે. પરમ પિતા પરમાત્માએ જેસસ ક્રાઈસ્ટ મારફત જે જીવન–સંદેશ મોકલ્યો છે તે તમે સ્વીકારો છો કે કેમ એ બધું ઈશ્વરી સત્તા તરફથી જોવાય છે. તમે તેના બતાવેલા રસ્તાથી વિપરીત પથમાં ચાલો છો તે બધું ઇશ્વર જુવે છે, તપાસે છે, વિચાર કરે છે, અને વારંવાર તે માર્ગનું સ્વરૂપ તમારા દૃષ્ટિ–પથમાં લાવીને તમારા સ્વીકાર માટે રજુ કરે છે. છતાં તમે અજ્ઞાનવશ તે કબુલ કરતા નથી. પરંતુ ઇશ્વરની ધીરજની પણ હદ હોય છે, તમારી મૂર્ખાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યાંસુધી તે નભાવી લે ? તમારૂં આયુષ્ય પચાસ, પુણોસો કે સો વરસનું હોય ત્યાંસુધી તે સહી લેશે, પરંતુ તે કાળસુધીમાં પણ તમે ક્રાઇસ્ટે પ્રદર્શિત કરેલા મુક્તિના માર્ગનું અવલંબન નહીં કરેલું હશે તો મૃત્યુ પછી તમારા માટે અનંત નર્કનો અગ્નિ ( Eternal Hell ) નિર્માએલ છે. "

આ ભાવનાવાળા માટે જીવનની સાર્થકતા ક્રાઇસ્ટ પ્રદર્શિત મુક્તિ–માર્ગ ગ્રહણ કરી અનંત નર્કમાંથી પરિત્રાણ મેળવવામાં, અને એ માર્ગનો આશ્રય લઇ અનંત પુણ્યોપાર્જનવડે અનંત શાંતિ મેળવવામાં રહેલું છે. જેમનાં હૃદયમાં આ પ્રકારની ભાવના છે તેઓએ પોતાનાં મનથી જે માર્ગને અગર નીતિને ઇશ્વર–પ્રદર્શિત તરીકે ગણી છે તે સિવાય જીવનનાં અન્ય કોઇ કાર્યોને જોઇ શકતા નથી. તેમને હમેશાં એવીજ ભીતિ રહ્યા કરે છે કે રખેને પાપપુરૂષ શયતાને કોઇ ફસાવવાની જાળ ગોઠવી રાખી ન હોય ! તેમને શયતાનની પગલે પગલે બીક રહ્યાજ કરે છે, અને ધર્મ–સાધનના અંગીભૂત વિષયો સિવાયની તમામ પ્રવૃત્તિ પ્રત્યે કરડી નજરે જુવે છે. જીવન–સાર્થકતાની આ ભાવના પણ ડાહ્યા મનુષ્યોને માન્ય હોઇ શકે નહીં.

આ યુગના ધર્મ–વિષયક જ્ઞાન વિનાના કેટલાક મનુષ્યો એમ માને છે કે જીવન એક નાટકશાળા છે, તેમાં જ્યાંસુધી રહેવાનું મળ્યું છે ત્યાંસુધી મોજમજા અને આમોદ પ્રમોદ કરવો એમાં જીવનની સાર્થકતા છે. "ખાઓ, પીઓ, ઉડાઓ, આનંદ કરો. " એ વૃત્તિ તેમનામાં પ્રધાનપણે હોય છે, દુઃખને તેઓ ગણુતા નથી, અગર તેમની આમોદપ્રમોદમયતામાં એક ક્ષણિક બાધા તરીકે તેને ગણી ઉડાવી દે છે. ધર્મની માથાકુટમાં તેઓ જીવને પરોવતા નથી, તત્વવિદ્યાને તેઓ મૂર્ખાઓની નિષ્ફળ માથાકુટ ગણે છે, જેટલી લ્હેર ઉડાવી તેટલી આપણા બાપની અને તેટલું જીવન એ સાચું સાર્થક જીવન તેઓ માને છે.

આ સ્થળે " સુખ " અને " આમોદ " શબ્દમાં રહેલી ભાવનાનો ભેદ સમજાવવો જરૂર છે. " સુખ " દીર્ઘકાળ વ્યાપી, ગંભીર અને ઉંડું હોઇ શકે, તે આત્માના શાશ્વત અંશમાંથી ઉદ્દભવેલું પણ હોઇ શકે, ત્યારે " આમોદ " એ ક્ષણિક ચંચળ મનોવૃત્તિ છે. સુખ મહત્ પવિત્ર અને અલૌકિક હોઇ શકે, ત્યારે આમોદ તુચ્છ, મલીન અને વિષયજન્ય હોય છે. " સુખ " ઇચ્છવું એ મનુષ્યનો ધર્મ છે. " આમોદ " ની ઇચ્છા એ જીવનની અજ્ઞાનપૂર્ણ બાલ્યાવસ્થા છે. જીવનની સાર્થકતા આમોદમાં ગણનારનું જીવન નિરર્થક અને કોઇ પ્રકારના ઉચ્ચ ભાવથી રહિત છે, જેના અંતરમાં જીવનની આ ભાવના હોય છે, તેનું ચરિત્ર અત્યંત ક્ષુદ્ર અને સાર શૂન્ય હોય એમ સહુકોઇ કબુલ કરશે.

એક બીજો વર્ગ એવો છે, અને એ વર્ગમાંજ આ યુગનો મોટો સમુદાય રહેલો છે કે જે જીવનની સાર્થકતા ભોગોપભોગની સામગ્રીની વિપુળતા ઉપર ગણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. જીવનની કીમત " આપણે કેવા છીએ, કેવા થવું છે, આપણે શું શું કર્યું અને કરવા યોગ્ય છે. " એ ઉપર તેઓ માનતા નથી, પણ "આપણે કેટલું નગદ મેળવ્યું, કેટલું મેળવવું અને કયા પ્રકારે તે મેળવી શકાય " એ ઉપર જીવનની કીમત આંકે છે. આવા લોકો કેવા જીવનને સાર્થક ગણુતા હોય છે ? જેમણે ભોગની સામગ્રી ખુબ પ્રમાણમાં ભેગી કરેલી હોય તેને તેમની દૃષ્ટિમાં અમુક માણસ મહત્ ભાસે છે. કારણ તેને બે પાંચ મીલો છે, અગર પાંચ પચીશ માળા છે, અથવા દેશ પરદેશ અનેક પેઢીઓ છે, તેમની કુટુંમ્બની સ્ત્રીઓના શરીર ઉપર હીરા માણેકના દાગીના છે, તેમની મોટર જ્યારે રાજપથ ઉપર નીકળે છે ત્યારે તેના વેગથી ધરતી ધ્રુજી ચાલે છે, તે બહાર નીકળે છે ત્યારે સેંકડો મનુષ્યો તેમને સલામ ભરે છે, અનેક લોકો તેમની કૃપાના ભીખારી હોય છે, અને કંઇકને ધારે તો ન્યાલ કરી નાખી શકે છે. આવી ભાવનાવાળા લોકોની ચક્ષુએ, જે જેટલા પ્રમાણમાં વિષય સંપન્ન તે તેટલા પ્રમાણમાં મહાન અને કૃતકાર્ય ગણાય છે, જીવનની વિલાસિતા દ્વારા તેઓ જીવનની કીમત આંકે છે. આંતરિક મહત્તા અગર ઉચ્ચ ચારિત્ર એ તેમની દૃષ્ટિમાં મહત્વની વસ્તુ જણાતી નથી. જીવનની આ પ્રકારે સાર્થકતા સમજનાર મનુષ્યો આત્માની આભ્યંતરિક ઉન્નતિ વડે જીવનની પૂર્ણતા અગર સાર્થકતા કલ્પી શકતા નથી.

વર્તમાન યુગનું મોટામાં મોટું પાપ એ છે કે આ પ્રકારની ભાવના સેંકડે નવાણું ટકા જનોમાં ચેપી રોગની માફક ફરી વળી છે. જમાનાના ડાહ્યામાં ડાહ્યા જનો પણ આ ભાવનાના પાશમાં ફસાયા છે. ભયાનક મહામારીની પેઠે પ્રાણુ વિનાશક પ્લેગની પેઠે, આ ક્ષુદ્ર ભાવનાએ સમસ્ત વિશ્વને અને આધ્યાત્મિકતાની જનની સ્વરૂપ ભારતવર્ષને પણ ઘેરી લીધું છે. ધર્મમાં, સમાજમાં, પરિવારમાં સર્વસ્થાને મહત્તા અને ઉન્નતિનું માપ ભોગની સામગ્રી ગણાય છે. ગૃહીવર્ગમાં પણ એ ભાવનાનું પ્રાબલ્ય વધતું જાય છે. જે વર્ગમાં ઉચ્ચતમ ચારિત્રના આદર્શો સિદ્ધ થયેલા જોવાની આશા રાખી શકાય તે વર્ગમાં આ ભાવનાનું પ્રાબલ્ય વધતું જોઇ કોણ સમજુ જનને ખેદ ન થાય ? જીવનની સાર્થકતાની આ ભાવના એ એક પ્રકારનો આધ્યાત્મિક વ્યાધિ છે. પ્રત્યેક ડાહ્યા મનુષ્યે પોતાનું અંતર તપાસી આ પ્રકારની ભાવનાથી પોતાનું રક્ષણ કરવાની જરૂર છે. કેમકે જો એ ભાવના આપણા હૃદયમાં દૃઢીભૂતથાય તો આપણું જીવન અતિક્ષુદ્ર, અકિંચિત્કર અને સારશૂન્ય થવાનું એ વાત ચોક્કસ છે.

ખરી રીતે જડવાદ એ ઇશ્વર કે પરલોકનો એકલો અસ્વિકાર કરવામાં નથી રહેલો. આપણે ઇશ્વર કે પરલોકમાં શ્રદ્ધા રાખી આત્મવાદી થવાનો દાવો રાખીએ તેટલાથી બસ નથી પરંતુ આપણે પ્રત્યેકે આપણા અંતરમાં દૃષ્ટિ કરી જોવું ઘટે કે આપણે પોતે આત્મવાદી છીયે કે જડવાદી ? એ કસોટીમાં ખરા ઠરીયે તોજ આપણે સાચા જૈનો કહેવાઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક વર્ગ—ધર્મ એવો છે કે જેઓ જીવનની એક મહદ્ ભાવના હૃદયમાં ધારણ કરી પોતાના ચારિત્રને ઉન્નત બનાવે છે. તેઓ એમ માને છે કે મનુષ્ય પાસે જે જે પ્રકારની જે કાંઇ શકિતઓ છે તે મનુષ્યની પોતાની નથી, પણ ઈશ્વરની સંપત્તિ છે. અને તે ઇશ્વરે મનુષ્યને ઇશ્વરની વતી સદુપયોગ માટે આપી છે, તેઓ એમ માને છે કે મનુષ્યમાં જે કાંઇ શારીરિક શકિત, બુદ્ધિબળ, હૃદયની વિશુદ્ધિ, ધન, ઘરબાર કુટુમ્બ, પ્રતિષ્ઠા, લાગવગ વિગેરે છે તે સર્વ ઇશ્વરદત્ત વસ્તુઓ છે, અને તેનો ઉપયોગ ઈશ્વરપ્રદર્શિત માર્ગમાં કરવો એ મનુષ્યનો ધર્મ છે. એ સર્વનો ઉપયોગ પ્રભુ અર્થેજ કરવાને આપણે શીર જવાબદારી છે. તેઓ એમ માને છે કે જો મનુષ્યો આ ઇશ્વરદત્ત શકિતનો ઉપયોગ ઈશ્વરને અભિષ્ટ માર્ગે ન કરે તો તેઓ અપરાધી છે, અને પારકી વસ્તુનો ગેરઉપયોગ કરવાના આરોપને પાત્ર છે.

જે મહાપુરૂષોએ આ વિશ્વમાં કાંઈ પણ મહત્વનાં કાર્યો કર્યાં છે તેઓનાં હૃદયમાં અવશ્ય આ પ્રકારની ઇશ્વર પ્રત્યેની જવાબદારીની ભાવના વર્તતી હતી. તેઓને હમેશાં આ પ્રકારનું જવાબદારીનું ભાન વર્ત્યા કરતું હતું. જીવનને તેઓ અત્યંત ઉચ્ચ લક્ષ્ય બિંદુથી જોતા. તેઓને નિરંતર એમજ લાગ્યા કરતું કે જે પ્રમાણમાં મનુષ્ય ઇશ્વરની અને જગતની સેવા કરે છે તે પ્રમાણમાં તેમનાં જીવનની સાર્થકતા રહેલી છે. ઇશ્વરે આપણને જે કાંઈ આપ્યું છે, તે પરાર્થે ઉપયોગ કરવાને માટેજ આપ્યું છે. આ યુગના સમર્થ યોગી અને તત્વવિદ્ મહાત્મા અરવિન્દ ઘોષનાં હૃદયમાં આ ભાવના પ્રબળપણે વર્તે છે, અને તેઓ પોતાનાં જીવનના પરમ સિદ્ધાંત રૂપે ઉપરોકત ભાવનાનેજ સ્વીકારે છે. તેમણે એક પત્રમાં તેમના પત્નીને લખ્યું હતું કેઃ—

" મારામાં ત્રણ જાતનું ગાંડપણ છે. તેમાં પ્રથમ તો એ છે કે મારો એવો દૃઢ વિશ્વાસ છે કે ભગવાને મને જે કાંઇ ગુણ, પ્રતિભા, ઉચ્ચ જ્ઞાન, વિદ્યા, ધન આદિ આપ્યું છે, તે બધું ભગવાનનું છે. તેમાંથી જેટલું કુટુંબના ભરણ–પોષણ માટે જોઇએ અને જે અનિવાર્ય રૂપે આવશ્યક છે, તેજ માત્ર ખર્ચવાનો મારો હક છે. બાકી જે કાંઇ રહે તે ભગવાનને અર્થે મારે વાપરવું ઘટે. મને ઇશ્વરે જે કાંઈ આપ્યું છે તે જો હું બધું મારા પોતાના સ્વાર્થ માટે સુખાર્થે, અગર વિલાસ માટે વાપરૂં તો હું અવશ્ય ચોર ગણાઉં. ભગવાન પાસેથી મેળવીને જે ભગવાન અર્થે ન વાપરે તે ચોર છે. અત્યાર સુધી તો મેં બે આના ભગવાન અર્થે વાપરી ચૌદ આના હીસાબમાં ઉચાપત કરીને મારા સાંસારિક સુખ અર્થે વાપર્યા. મારૂં અત્યાર સુધીનું જીવન વૃથા ગયું. પશુ પણ પોતાનું અને કુટુમ્બનુ ઉદર ભરીને કૃતાર્થ માને છે. મેં આજ સુધી આવી ચોરી અને પશુવૃત્તિજ કરી એમ હવે મને જણાય છે. એ વાત મને સમજાયા પછી મારા હૃદયમાં ભારે અનુતાપ થાય છે, અને મારા પોતાના ઉપર મને તિરસ્કાર આવે છે. પણ બસ, હવે એ પાપ આ જન્મમાં ફરીવાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કદી નહી કરૂં. હવે હું ભગવાન પાસેથી મેળવેલું બધુ ભગવાનનેજ પાછું આપીશ, અર્થાત્ તે સર્વનો ધર્મ–કાર્યમાં વ્યય કરીશ.

પ્રત્યેક મહાપુરૂષનાં જીવનની નિયામક ભાવના લગભગ આ પ્રકારનીજ હોય છે, અને એ ભાવનામાંજ તેમનાં જીવનની મહત્તા રહેલી છે. તેમણે પોતાનું સર્વસ્વ પ્રભુ અને જીવન માટે આપી દીધું છે, પોતાનું સુખ જેમણે તુચ્છ ગણ્યું છે, અને પોતાના અભિમાનને, પ્રભુમાં વિલય કરી પ્રભુનાજ આદેશને અનુરૂપ જીવન ઘડયું છે, તે મહા પુરૂષોના જીવનની સાર્થકતા ખરેખર અનુકરણીય અને વંદનીય છે. પરંતુ અમે આ સ્થળે એથી પણ જીવન–સાર્થકતાની એક ઉચ્ચતર ભાવનાનું પ્રતિ પાદન કરવા માગીએ છીએ. એ ભાવના માનવ–હૃદયમાં પ્રવેશ પામી શકે તો તેનું જીવન અત્યંત મધુર, રસમય, પ્રેમમય, આનંદમય બની શકે છે. ઉપરોક્ત ભાવના-માં જવાબદારીનો જે પ્રચંડ બોજો મનુષ્યના ઉપર રહે છે તે ન રહેતા, અમે નીચે વર્ણવવાના છીએ તે ભાવનાના સ્વીકારથી તેનું જીવન સરલ, બોજા રહિત અને સં-પૂર્ણ સુખરૂપ બની જાય છે. જીવનની સાર્થકતાની આ ભાવના તે પ્રેમની ભાવના છે. આખું વિશ્વ એ આપણો કૌટુમ્બિક પરિવાર છે. પરમ પ્રભુ પરમાત્મા આપણા સહુનો પિતા છે, આપણે સહુ તેના બાળકો છીએ. આપણે એકબીજા પ્રત્યે અત્યંત પ્રેમભાવથી, મિત્રભાવથી, બંધુભાવથી વર્તવું જોઇએ. આપણી પાસે જે કાંઇ હોય તેનો ઉપભોગ આપણે પોતે કરવો અને બીજાને પણ કરાવવો. એક પરિવારમાં પાંચ છ નાના બાળકો હોય, તેમાંથી એકને પિતાએ એકાદ પૈસો આપ્યો, તેનું ખાવાનું લઈ તે ઘરે આવે છે. તે પ્રેમાળ બાળક શું કરે છે? બધા ભાઇબ્હેનોને એકઠા કરી, સહુને આનંદપૂર્વક, પ્રેમભર્યા હૃદયથી, ઉલ્લાસથી ઉભરાતા ઉભરાતા સહુને તે ખાવાનું વ્હેંચી આપે છે, અને તેનો થોડો હીસ્સો પોતે પણ સહુની સાથે ખાય છે. તેનો આનંદ પોતાના ભાગના ઉપભોગ કરતા તેણે સહુને પ્રેમપૂર્વક વ્હેંચી આપેલા ભાગના થતા ઉપભોગમાં અધિક રહેલો હોય છે. સહુ એકબીજાના સુખ સામું જોતા આનંદની ભરતીમાં ન્હાઈ રહેતા હોય તેમ પોતાનો ભાગ ખાય છે. તેમાં કોઇ અધિક પ્રેમાળ બાળક પોતાના હીસ્સામાંથી પણ થોડું કાઢીને પોતાથી નાનાને વ્હાલથી ખવરાવે છે, અને એ પ્રકારે સહુ પ્રેમનું મધુર લ્હાણું અનુભવે છે.

જીવનની મિષ્ટતા પ્રેમની વ્હેંચણીમાં છે. આપણાં દીલમાં જે પ્રેમ છે, તે આપણે બીજા પ્રત્યે દર્શાવી શકીએ તેમાં રસ, આનંદ, જીવનની ભરપુરતા અને સાર્થકતા છે. પોતાને મળેલું પોતે ખુણામાં બેસી ખાય અગર ભોગવે તેમાં ક્ષુદ્રતા, હલકાઇ, સંકોચ અને બેખાનદાની છે. બીજાને ખવરાવવામાં અગર બીજાના ઉપ-યોગ માટે તેનો વ્યય કરવામાંજ ખરો આનંદ છે; પરંતુ એ વ્યય બીજા પ્રત્યેના પ્રેમમાંથી ઉદ્‌ભવવો જોઇએ. ઉપર બાળકોની રસમય લીલાનું વર્ણન કર્યું તેમાં જેમ પ્રેમની ભરપુરતા છે, તેમ આપણી સંપત્તિના વ્યયના મૂળમાં અન્ય મનુષ્યો પ્રત્યેનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવો પ્રેમ હોવો જોઇએ. આપણી સંપત્તિનો વ્યય નિરાશામાંથી, અગર લક્ષ્મીની વિનાશશીલતામાંથી ન ઉદ્દભવવો જોઇએ. પૈસો આપણને વ્હાલો છે, પણ નહીં વાપરીએ તો બીજીરીતે ચાલ્યો જશે, માટે હવે પાંચ પૈસા વાપરી ટાઢા હાથ કરો. એ ભાવનામાંથી લક્ષ્મીનોજ વ્યય થાય એના મૂળમાં નિરાશાની ઉંડી ચીસ રહેલી છે. અર્થાત્ લક્ષ્મી જો સ્થીર સ્વભાવની હોત, અને કાયમને માટે તે રહી શકે તેવી ગોઠવણ થાય તો સંઘરી રાખત એવો ભાવ તેના મૂળમાં હોય છે. આ વૃત્તિ જો દ્રવ્ય-વ્યયના મૂળમાં હોય તે માનવ-જીવનની અધોગતિ કરનાર છે.

તે ઉપરાંત આ જીવન એ કાંઇ એકલા કર્તવ્યનીજ શુષ્કપરંપરા નથી, કેવળ પારકાની સેવા કરવાનોજ ભાર આપણે શીરે નાખવામાં આવ્યો છે, અને હવે મને કે કમને તે ભારનો નિર્વાહ કરવોજ જોઇએ એમ પણ નથી. આપણને કોઇએ ભારવાહી પ્રાણીઓ બનાવ્યા નથી, અગર તો કોઇ કઠોર સ્વામી કે અધિકારીની આજ્ઞા ઉઠાવીને કર્તવ્યના માર્ગમાં રહેનાર આજ્ઞાધીન સેવકો પણ નથી. મનુષ્યનો આત્મા પ્રેમમય છે, આનંદમય છે, તેણે પોતાની પાસે જે કાંઇ છે તે પ્રેમપૂર્વક બીજાને અર્થે વાપરવું ઘટે, અને સાથે સાથે પોતે પણ તેનો ઉપયોગ કરે.

મનુષ્ય પાસે જે કાંઇ છે, જે કાંઇ બુદ્ધિ, શક્તિ, ચારિત્ર, ધન, યશ, પ્રતિષ્ઠા, અધિકાર આદિ છે તેનો ઉપભોગ આપણે જાતે કરવો, અને પ્રભુના બીજા અન્ય બાળકોને પણ કરાવવો. જીવનમાં એવી શુષ્કતાની પણ જરૂર નથી કે બસ આપણે તો બીજાને માટેજ મરી ફીટવામાંજ, અને બીજાને માટે સર્વસ્વ અર્પણ કરવામાંજ આપણા જીવનની સાર્થકતા સમાયેલી છે. એવો કઠોર, તપસ્વીપૂર્ણ, વિરાગપૂર્ણ ભાવ માનવ-હૃદયના મૂળમાંથી પ્રેમને ચુસી લે છે, અને આપણા હૃદય ઉપર કર્તવ્યનો અને જવાબદારીનો ભયાનક બોજો મુકી દે છે. જેના તળે આપણા જેવાનું જીવન તો કચરાઇ ગયા વિના રહેજ નહીં. તેને સ્થાને ફક્ત એવોજ ભાવ રાખવા જરૂર છે કે હું પણ મારી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સંપત્તિનો ઉપભોગ કરીશ, અને બીજા દશ જણને તેનો લાભ આપી તેમનું જીવન પણ અધિક સુખી, ઉચ્ચતર, મહત્તર, ભવ્યતર અને મધુર બનાવીશ. આપણા દીલમાં એ ભાવ રહેવો જોઇએ કે મારી આસપાસ જે કોઇ છે, તે મારા આત્મબંધુઓ છે, હું આ જગતમાં આવ્યો છું અને રહ્યો છું તો બીજા દશ જણના જીવનને ઉંચી સ્થિતિ લાવું તોજ મારૂં જીવન સાર્થક. હું આ જગતમાં માધુર્ય, પ્રેમ અને આનંદ વરસાવવા આવ્યો છું. જ્યારે હું આ જગત્માંથી વિદાય લઇશ ત્યારે મારી પછવાડે સહુકોઇને મારા સંબંધે એવું કહેવરાવતો જઇશ કે-" અહો ! આપણા જીવનને મિષ્ટ કરનાર એક જણ આપણી મધ્યમાંથી ચાલ્યો ગયો. " આવું પ્રેમમય જીવન જ્યારે માનવ-હૃદયમાં સુદઢ થાય ત્યારે તેનું જીવન સાર્થક થયું ગણાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવનની ખરી સાર્થકતા શેમાં રહેલી છે તે જોઈએ. આપણને આ જીવન મળ્યું છે તે એટલા માટે કે આપણે આંહી રહીને ઇશ્વરને ઓળખી શકીએ, તેને ઓળખીને તેના સ્વરૂપમાં પ્રીતિવાળા બનીએ, અને આપણે પોતે સુખી થઈ આપણી આસપાસના મનુષ્યોને સુખી બનાવીએ. આપણા પોતાના હૃદયમાં ઉત્પન્ન થયેલી ઇશ્વર પ્રત્યેની પ્રેમ–ભાવનાનું પ્રતિબિંબ અન્ય લોકોના હૃદયમાં ઉપજાવી તેમનામાં પણ ઇશ્વર પ્રત્યે તેવીજ ભકિત અને પ્રીતિ ઉપજાવીએ. પ્રેમનો સ્વભાવજ એવો છે કે પોતે સુખી થઇને બીજાને સુખી બનાવે છે. અને બીજાને સુખી બનાવીને પોતાના સુખમાં વૃદ્ધિ કરે છે. જેના હૃદયમાં ઇશ્વર પ્રત્યે પ્રીતિભાવ નથી તે મનુષ્યનું હૃદય હમેશાં શુષ્ક, તર્ક–બહુલ, ચિંતાથી વ્યગ્ર, શંકાશીલ, નાસ્તિક, અને સ્વસુખ માટે હાયવરાળવાળું હોય છે. તે પોતે સુખ શોધવા જતા દુઃખ નેજ વ્હોરી લે છે, કેમકે સુખનો સ્વભાવજ એવો છે કે તે શોધવાથી કદી મળતું નથી, પરંતુ બીજાને હૃદયનો પ્રેમ અર્પી સુખી બનાવવાનો પ્રયત્ન કરવામાં સુખ સ્વયં આવી મળે છે. જે મનુષ્ય પોતાનું સુખ ન શોધતાં બીજાને સુખી કરવા મથે છે, તે બીજાને સુખી કરીને પોતાને પણ સુખી કરી શકે છે.

પરંતુ હૃદયમાં ઇશ્વર પ્રત્યે પ્રેમપૂર્ણ ભકિત અને માનવ પ્રત્યે હૃદયમાં ઉભરાઇ જતી પ્રીતિ સિવાય એક મનુષ્ય બીજાને વાસ્તવીક રીતે સુખી કરી શકે નહિ. જેઓ પ્રીતિ અને ભકિતથી ઇશ્વરની સાથે યુકત થઇને બીજાનાં જીવનને સુખી અને ઉન્નત બનાવી શકે છે તેનું જીવન સાર્થક છે.

જેઓ ઇશ્વર પ્રત્યે ભકિત અને માનવ પ્રત્યે પ્રીતિવાળા છેતેઓજ આ વિશ્વમાં ખરૂ કાર્ય બજાવી શકે છે, ભકિત અને પ્રીતિ વીનાનો ગમે તેટલો ભગીરથ પ્રયત્ન સમાજનું શ્રેય કરી શકતો નથી, અગર સામાજીક કે રાજકીય જીવન ઉપર ઉંડી છાપ પાડી શકતો નથી. મહાપુરૂષોનું મહત્વ આ પ્રકારની ઇશ્વર પ્રત્યેની ભકિત અને માનવ પ્રત્યેની પ્રીતિમાં છે, તેમની જન સેવા જનતા પ્રત્યેની પ્રીતિમાંથી ઉદ્‌ભવતી હોય છે, લોકકલ્યાણ માટે તેઓમાં મરી પીટવા જેટલી પ્રેમ-શકિત હોય છે, અન્યને દુઃખી, અવનત, અગર પાપમાં પડેલો નીહાળી તેનું પ્રેમ પૂર્ણ હૃદય તેની વ્હારે ધાય છે. અને જ્યાં સુધી તેનો ઉદ્ધાર ન કરે ત્યાં સુધી તેને ચેન પડતું નથી, એવો અગાધ જન–પ્રેમ તેના હૃદયમાં હોય છે. તે પ્રત્યેક જીવનમાં પ્રભુનું દર્શન કરે છે, અને માનવની પ્રેમભરી સેવા કરીને પોતાની પ્રભુ ભકિત ચરિતાર્થ કરે છે. પ્રભુ ભકિત અને જન સેવા એ ભાવનાઓ એક બીજા સાથે એવી અછેદ્ય ભાવે સંકળાએલી છે કે જ્યાં એક હોય ત્યાં અન્યનો સદ્દભાવ અવશ્ય હોયજ. જ્યાં જન સેવા કે માનવપ્રેમ નથી ત્યાં કદાચ પ્રભુ ભકિત હોવાનો દાવો કરવામાં આવે તો તે ખોટો છે એમ વિના સંકોચે માની લેવું. ઇશ્વર પ્રત્યેની ભકિત મનુષ્ય સેવા દ્વારાજ બહિર્ભાવ પામે છે. સાચો ભકત જન સેવા કર્યા સિવાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહી શકેજ નહી. તે તો જીવે ત્યાં સુધી પ્રભુને પ્રિય કાર્યોજ કર્યા કરે. અને તેનાજ માર્ગની રાહદારી કરે.

જેણે આ પ્રકારે ભકિત અને પ્રીતિ ભર્યા હૃદયે ઇશ્વર અને મનુષ્યની સેવા કરી છે તેનુંજ જીવન સાર્થક છે, અને તે માર્ગમાં આગળ વધનારને તે તે યુગમાં અને સર્વ યુગમાં લોકોએ ઇશ્વર તરીકે પૂજેલ છે. આજે બુદ્ધ, શ્રીમહાવીર, જેસસ અને કૃષ્ણની પૂજા તે તે ધર્મોવાળાના ઘરોઘર થાય છે અને દુનીયા તેમને સંભારીને હર્ષ અને આનંદથી રોમાંચિત થાય છે તેનું શું કારણ ? તેમણે ઈશ્વરસ્વરૂપ સાથે ભકિત વડે યુકત થઇ માનવના સાચા સુખ અને ઉન્નતિ માટે અથાગ શ્રમ ઉઠાવેલ હતો, પ્રભુ મહાવીર લોક કલ્યાણ માટે અનાર્ય લોકોથી વસેલા પ્રદેશોમાં અત્યંત કષ્ટવને ભમ્યા હતા, લોકો જાગૃત થાય, જ્ઞાનવાન બને, તેમનો ઉદ્ધાર થાય, સાધન–સંપન્ન બને તે માટે પ્રેમપૂર્વક પ્રયત્ન કરતા, જનકલ્યાણનેજ જીવનનું લક્ષ્ય માની એક ગામથી બીજે ગામ વિહરતા, અને અવિરામ અખંડ ઉદ્યોગથી દીવ્ય–ભાવનાના સ્ફુરણો જન–હૃદયમાં જગાવતા. આથીજ આજે તેમને લાખો મનુષ્યો ઇશ્વર તરીકે પૂજે છે, તેમના ઉપદેશ માટે પૂજે છે તે કરતા જે જનપ્રેમની ભાવનાથી પ્રેરાઈને લોકો માટે શ્રમ ઉઠાવેલો તે માટે અધિક પૂજે છે. એકલા ઉપદેશની કશીજ કીમત નથી, ખરી કીમત પ્રેમની છે, પ્રેમથી ઉદ્ભવતા અથાગ શ્રમની છે.

પ્રભુ મહાવીર અને બુદ્ધ પછી જનતા માટે પ્રેમ ધરાવનાર એક મહાપુરૂષ આ કાળે વર્તે છે. તે મહાત્મા ગાંધી છે. અત્યાર સુધીમાં હિંદુસ્થાનમાં અનેક રાજદ્વારીઓ, નેતાઓ, વકતાઓ થઇ ગયા, પરંતુ તેમનામાં કાર્યની પ્રેરક ભાવના તરીકે જન પ્રેમ ન હતો. તેમનામાં રાજદ્વારી કુનેહ હતી, પ્રતિભા હતી, વિદ્વત્તા હતી, લોકને દોરવાની અને સરકારને સમજાવવાની શકિત હતી, પણ જનતા પ્રત્યેનો આવો પ્રેમ ન હતો. તેઓમાં દેશને ખાતર કે માનવ કલ્યાણને ખાતર પોતાનું સર્વસ્વ હોમી દેવા સુધીનો, પોતાના જાનની કુરબાની કરવા સુધીનો પ્રેમ નહતો.

આપણે આપણા શાસ્ત્રીય ગ્રંથોમાં વાંચીએ છીએ કે પ્રભુ મહાવીરે અમુક સ્થળે ઉપદેશ આપ્યો તેના પ્રભાવથી સેંકડો સ્ત્રી પુરૂષો પોતાનો વૈભવ ત્યાગ કરી પ્રભુ મહાવીરની દીક્ષા અને શાસનને આધીન બન્યા. આપણા માંહેના કેટલાકને એ વાત ગપ જેવી, અગર પ્રભુ મહાવીરનું મહત્વ વધારવા કલ્પી કાઢેલી કથા જેવી લાગતી હશે, તો તે તેની ભુલ છે, કારણકે જે દીવ્ય આત્મા માનવ પ્રત્યે અસીમ પ્રેમભાવ ધરાવી શકે છે તેનાં વચનનું પાલન કરવા સમસ્ત જન સમાજ પોતાનું સર્વસ્વ ત્યાગ કરી મરી મટવા તત્પર બની જાય છે. પ્રભુ મહાવીરમાં તેવી પ્રેમભાવના હતી તેથીજ લાખો મનુષ્યો પોતાનો પ્રિય વૈભવ છોડી, ઘરબાર ત્યજી, પ્રભુની પછવાડે વળી નીકળતા. તે બધા સમજણપૂર્વક નહી નીકળી પડયા હોય, પરંતુ પ્રભુના પ્રેમનાં બળને વશ થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમના પ્રેમની ખાતર, તેમના પ્રેમનું આસ્વાદન કરવા ખાતર દીક્ષા લઈ નીકળી પડયા હતા. અને તેમના ઉપદેશ અનુસાર અકલ્પ્ય શારીરિક કષ્ટો વેઠતા, ઉપવાસ કરતા, કઠીન તપશ્ચરણો આદરતા; અને જીવન પણ વિસર્જન કરતા. આ બધું શાથી થતું ? એકજ કારણથી અને તે એજ કે પ્રભુનો જનપ્રેમ. એ પ્રેમના પ્રતિ ઉત્તરમાં જનતા તેમના વચન પછવાડે પ્રાણ આપતી.

મહાત્મા ગાંધીના સંબંધમાં પણ જણાય છે કે ગૃહીજીવનમાં પણ તેમના દેશ પ્રેમનું પ્રતિબિંબ સમસ્ત ભારતવર્ષનાં હૃદયમાં પડયું. તેમનો પ્રેમાગ્નિ સમસ્ત દેશને લાગી ગયો. સેંકડો મનુષ્યોએ પોતાના પ્રિય વૈભવનો ત્યાગ કરી ખાદીનો સ્વીકાર કર્યો. સેંકડોનાં જીવનને સેવામય-પ્રેમમય, અને ભારતવર્ષની ઉન્નતિ કાજે પ્રયત્નવાન બનાવી દીધા, સેંકડો જેલમાં ગયા, અને લાખો ત્યાં જવા તત્પર અને આતુર બન્યા. આટલો સ્વાર્થ ત્યાગ કયાંથી પ્રગટયો ? મહાત્માજીમાં એવું શું જાદુ હતું ? જનતા પ્રત્યેનો બેહદ પ્રેમ.

ઇશ્વર પ્રત્યે ભક્તિ અને માનવ પ્રત્યે પ્રીતિભાવ હૃદયમાં ધારણ કરવાથી મનુષ્ય જીવનમાંથી સર્વ પ્રકારની અસ્વાભાવિકતા ચાલી જાય છે. આપણને પછી એમ નથી લાગતું કે જાણે આપણે મહાસંકટમાં દીવસો વીતાવીએ છીએ, જગત્ એક દુ:ખનો, પાપનો, બુરાઇનો મહાસાગર છે, પગલે પગલે ધર્મ હારી જવાની સંભાવના અને ભીતિ છે. પછી તો આપણને એમજ લાગે છે કે આ જગત અને આ જીવન પ્રાપ્ત થયું તે મારૂં પરમ સદ્ભાગ્ય છે. જીવન ન હોત તો હું મારા પ્રેમનો બહિર્ભાવ શું દ્વારા કરત ? અને આ જગત્ ન હોત તો મારા પ્રેમનો ગ્રાહક કોણ થાત ? હું કોના ઉપર મારા હૃદયની પ્રીતિ ઠલવત ? ભક્તિ અને પ્રીતિવાન હૃદયને કોઇ સ્થળે સંકટ, પાપ કે બુરાઈ ભાસતીજ નથી. પાપ અને બુરાઈ એ ધર્મ, નીતિ અને ચારિત્રાદિ સદ્ગુણોને વિકસવાની યોગ્ય ભૂમિ છે. અગર ધર્મરૂપી કમળને ખીલવાને માટે કીચડ સ્વરૂપ છે. કુદરતની સૃષ્ટિમાં તે સર્વ સ્થાને સૌંદર્ય, એકરાગતા, પ્રેમ અને પ્રકાશનુંજ દર્શન કરે છે. તે નિર્દોષ સુખોનો ઉપભોગ કરે છે. તે પોતાના તન મન ઉપર અકારણ નિગ્રહનો બોજો નાખતો નથી, અને પોતાની પ્રકૃતિ સાથે વારંવાર નકામો તકરાર ઉઠાવીને હેરાન થતો નથી. જીવનમાંથી સર્વ પ્રકારની અસ્વાભાવિકતાઓ કાઢી નાખીને તે માનવ-જીવનને સ્વાભાવિક, કુદરતી દૃષ્ટિએ નિહાળે છે. તેને એમ લાગે છે કે હું સંકટનાં રણમાં આવી ચઢયો નથી, પણ પ્રભુના ખોળામાંજ છું. અગર મારા પોતાનાં ઘરમાંજ છું. આખી કુદરત જાણે તેના અભ્યુદય અને વિકાસમાં સહાયક હોય એમ તેને ભાસ્યા કરે છે. તેને એમજ લાગ્યા કરે છે, આમાં ભય રાખવા જેવું કે ચિંતા કરવા જેવું શું છે ? પ્રભુનું અસ્તિત્વ તેના અંતરમાં તેને નિરંતર અનુભવાયા કરે છે, અને તેની આશ્વાસક અને આશા-પ્રેરક વાણીનો મધુર ધ્વનિ પ્રતિક્ષણે સંભળાયાજ કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તેનાં પ્રત્યેક કાર્યમાં ઇશ્વરનું સાનિધ્ય તેને અનુભવાતું જ રહે છે, તેની પ્રત્યેક પ્રવૃત્તિ તેનાવડેજ નિયમાતી હોય એમ તેને લાગે છે.

આ પ્રકારની ઈશ્વરભક્તિ અને જનપ્રીતિ આપણાં હૃદયમાં જાગૃત થાય ત્યારે આપણું જીવન સફળ થાય, આપણો અવતાર સાર્થક ગણાય, આપણું જીવ્યું લેખાનું મનાય. જીવનની સાર્થકતાની આ ભાવના જ્યારે પ્રત્યેકનાં હૃદયનો સ્પર્શ કરશે, ત્યારે આ લોક મૃત્યુલોક મટીને દીવ્યલોક બનશે, મનુષ્ય માનવ મટીને દેવ બનશે. આખો યુગ એ પ્રકારે પલટાય એ તો તત્વચિંતકના સ્વપ્ન જેવું છે, પરંતુ વ્યક્તિ માટે એ વાત અશક્ય નથી. આપણી શક્તિનાં પ્રમાણમાં આપણે જીવન–સાર્થકતાનો એવો સદ્ભાવ આપણા આત્મામાં મીલાવીએ, અને એવાજ અભિલાષ, ચિંતન, મનન અને ધ્યાનમાં વૃત્તિને સ્થિર કરી તેનો એકાદ અંશ આ જીવનમાં પ્રકટાવીએ એવા મનોરથ સહિત વિરમું છું. રા. રા. અધ્યાયી.

# વર્તમાન સમાચાર.

**નાંદલાઇ જૈન તીર્થ માટે ઉત્પન્ન થયેલ ઝગડા સંબંધી જોધપુર રાજ્ય તરફથી ધી જૈન એસોશીએસન ઓફ ઇન્ડીયાએ તે માટે આપેલ અરજીનો જવાબ.**

ઉપરના પ્રાચીન અને પવિત્ર તીર્થનો કેટલાક વખત અગાઉ ઝગડો ઉત્પન્ન થયો હતો, તે માટે કેટલાક દિવસ પહેલા શ્રી મુંબઇ જૈન એસોશીએશન ઓફ ઇંડીયા તરફથી જોધપુર નરેશને અરજી આપવામાં આવી હતી. તેનો જે જવાબ જોધપુર રાજ્ય કરફથી જૈનોને આપવામાં આવ્યો છે તેની નકલ પ્રસિદ્ધ કરવા શ્રી જૈન એસોસીએશન તરફથી અમોને મળી છે તે નીચે મુજબ છે.

દેસુરીમાં નાંદલાઇ મુકામે " જેખલજી કેભાકર " નામે ઓળખાતી ટેકરા ઉપર આવેલાં શ્રી આદેશ્વર ભગવાનના જૈન મંદીરના કબજા બાબાતની તા. ૮ મી સપ્ટેમ્બર ૧૯૨૨ ની તમારી અરજીના જવાબમાં જણાવવાનું કે જૈન ધર્મના અનુયાયીઓ આ મંદીરની જાત્રા અર્થે ખુશીથી જઇ શકે છે તેમજ જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે મંદીરની અંદર મરામત (રીપેર) કરી શકે છે, સોજતના જ્યુડિશીઅલ સુપ્રિન્ટેન્ડન્ટના રિપોર્ટ ઉપરથી એમ નથી જણાતું કે રાજ્યના કોઇપણ અમલદાર તરફથી જૈન યાત્રાળુઓ અગર પૂજારીઓને પૂજામાં હરકત કરવામાં આવી હોય તેમજ મંદીરસાં જોઇતાં રીપેર કરતાં અટકાયત કરવામાં આવી હોય.

ઉપરની મતલબનો ખુલાસાવાર પત્ર અમોને મળતાં જૈન સમાજના જાણ માટે તે હકિકત ઉપયોગી હોવાથી એમો તે પ્રસિદ્ધ કરીએ છીએ. અને એસોસીએશનની અરજીનો જે જવાબ જોધપુર રાજ્ય તરફથી મોકલવામાં આવ્યો છે તે માટે તેના લાગતા વળગતા અમલદાદારોનો અમે આભાર માનીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જયંતી**—ગયા માગશર વદી ૬ ના રોજ પ્રાતઃસ્મરણીય શ્રીમાન્ **મૂલચંદજી મહારાજની** સ્વર્ગવાસ તીથી હતી. ઉક્ત મહાત્માનો સ્વર્ગવાસ અત્રે થયેલ હોવાથી તેઓશ્રીની પાદુકા પ્રતિષ્ઠીત કરી દાદાસાહેબના જિનાલયમાં દેરીમાં પધરાવેલ છે. જેથી આ મહા પુરૂષની ભક્તિ નિમિત્તે તેઓશ્રીના શિષ્ય શાંતમૂર્તિ શ્રીમાન્ કમળવિજયજી (આચાર્ય) મહારાજના ઉપદેશથી આ સભાને મળેલ એક રકમ અને બાકી અમુક ગૃહસ્થો દર વર્ષ અમુક રકમ આપતા હોવાથી તેથી શ્રી જૈન આત્માનંદ સભા (અમારી) તરફથી દાદાસાહેબના જિનાલયમાં ઉક્ત ગુરૂશ્રીની ભક્તિ નિમિત્તે પૂજા ઠાઠમાઠથી ભણાવવામાં આવી હતી. બપોરના સ્વામિવાત્સલ્ય પણ કરવામાં આવ્યું હતું. આ ગુરૂરાજની ભક્તિ નિમિત્તે થયેલું ફંડ ખુલ્લું છે, તે ગુરૂરાજના ભક્તોએ તેમાં ફાળો આપી દર વર્ષે થતી ગુરૂ ભક્તિનો લ્હાવો લેવા જરૂર છે.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**—મુંબઇમાં ગોવાળીયા ટેંકરોડ પર લીધેલ મકાનો—જમીન ઉપર નવા મુકામનો પાયો નાખવાની ક્રિયા શેઠ દેવકરણભાઇ મુળજીના મુબારક હાથે માગશર વદી ૧૦ બુધવારના રોજ સોનાના પાયે ખાતમુહૂર્ત કરવામાં આવેલ છે. પ્રસંગોપાત ભાષણ તથા વિવેચનો વગેરે કરવામાં આવેલા હતા. મકાન ફંડ માટે રકમની જરૂર છે. કેળવણીના ઉત્તેજનાર્થે ઉદાર ગૃહસ્થોએ હાથ લંબાવવાની જરૂર છે.

**ભાવનગરમાં અષ્ટાપદની રચના ને અઠ્ઠાઇ મહોત્સવ**—આ સભાના સદગત મુરબ્બી શ્રી **વોરા હઠીશંગભાઇ ઝવેરચંદ**ના આત્મકલ્યાણ નિમિતે માગશર વદી ૫ શનીવારના રોજ અત્રેના મોટા જિનાલયમાં શ્રીઅષ્ટાપદની રચના કરી, અઠ્ઠાઇમહોત્સવ કરવામાં આવેલ હતો. દરરોજ વિવિધ પૂજાઓ, રાત્રિના ભાવનાઓ અને બપોરના પ્રીતિભોજન થતા હતા. માગશર વદી ૧૨ના રોજ સ્વામિવાત્સલ્ય કરવામાં આવેલ છે. પોતાની હૈયાતિમાં પણ અનેક ધાર્મિક કાર્યો તેઓ કરતા આવેલ છે, તેની પાછળ પણ આવા ધાર્મિક કાર્યો બને તે સહજ છે. તેમની વિદ્યમાન ધર્મપત્નીઓએ તેમની પાછળ આવા ધાર્મિક કાર્યો કરી ખરેખર પતિભક્તિ બજાવી છે. અમો સદગતનું ચિરસ્મરણીય નામ રહે તેવી સુચના તેમની ધર્મપત્નીઓને કરીયે છીયે.

# ગ્રંથાવલોકન.

**પ્રાચીન તીર્થમાળા સંગ્રહ ભાગ ૧ લો**—સંશોધક શ્રીમાન્ વિજયધર્મસૂરીજી. પ્રકાશક શ્રી યશોવિજયજી ગ્રંથમાળા ભાવનગર તરફથી અમોને ભેટ મળેલ છે. જૈન ઇતિહાસના અનેક અંગો પૈકી પ્રાચીન તીર્થમાળા ( તીર્થોનું વર્ણન ) એ એક આવશ્યક અંગ છે, કારણકે આગલા કાળમાં આવાં વર્ણનોમાં પણ ઇતિહાસિક બાબતોનો સમાવેશ લખનાર મહાત્માઓ તરફથી થતો હતો, તેથીજ આવશ્યક અંગ કહેવાય છે. આ ગ્રંથમાં પૂર્વદેશીય તીર્થો વગેરે મળી ૨૫) તીર્થમાળાઓ છે, જે જુદા જુદા મુનિરાજોની બનાવેલી છે. તેની સવિસ્તર હકીકત તે ગ્રંથની શરૂઆતમાં સંક્ષિપ્ત સારરૂપે આપેલ છે. આવા ગ્રંથો જૈન સાહિત્ય માટે અમો આવકારદાયક ગણીયે છીયે. તેમાં જુની ગુજરાતી ભાષા કયા સૈકામાં કેવી હતી તેનું ભાન થવા સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુભક્તિ અને કેટલુંક તે વખતનું ઐતિહાસિક વર્ણન પણ જાણી શકાય છે. એકંદરે ગ્રંથ ઇતિહાસપ્રેમીઓને તો ખાસ વાંચવા જેવો છે. કિંમત અઢી રૂપીયા કંઇક વધારે છે, તેથી ઓછી કિંમતે આવા ગ્રંથોનો વધારે પ્રચાર થવા–કરવા પ્રકાશકને સુચના આપીયે છીયે.

**કોઠારી મગનલાલ ભુરાભાઇ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીભુવન લીંબડી**—નો બે વર્ષનો (સં. ૧૯૭૮ ના ચૈત્ર શુદ ૩ સુધીનો) રીપોર્ટ અમોને મળ્યો છે. જેના નામની બોર્ડીંગ છે તેમના તરફથી, તથાશેઠ ઓધડભાઇ નેમજી વિંછીયા નિવાસી તથા શેઠ ખેતશીભાઇ ખેઅશી એ ત્રણે ઉદાર ગૃહસ્થો તરફથી સારી રકમની સખાવત થવાથી આ સંસ્થાનો મજબુત પાયો શરૂઆતમાં નખાયો છે, તે કરતાં વિશેષ તો લીંબડીના પ્રતાપી નરેશ ઠાકોરસાહેબ શ્રી સર દોલતસિંહજી બહાદૂર કે. સી. આઇ. ઇ. ની, જૈનની સંસ્થા છતાં કેળવણી પરત્વે તેઓશ્રીનો પ્રેમ અને આ સંસ્થા તરફ માયાળુ કૃપાભરેલી લાગણીથી પણ આ સંસ્થા જલદીથી પગભર થઇ તે માટે જૈન કોમ આભારી છે. આવા સાર્વજનિક ખાતાને રાજ્ય અને રાજાની કૃપા, લાગણી અને શુભ દૃષ્ટિએ આ સંસ્થા ભવિષ્યમાં પોતાનું કાર્ય વ્યવસ્થિત ચલાવી શકશે એમ તો કહી શકાય. અમો તે માટે નામદાર મહારાજાનો ઉપકાર માનવા સાથે તે ત્રણે ઉદાર ગૃહસ્થોને ધન્યવાદ આપીયે છીયે. રીપોર્ટ વાંચતાં એકંદર વહીવટ વ્યવસ્થાસર ચાલે છે. વિદ્યાર્થીઓની સંખ્યા સારી છે. ઝાલાવાડ પ્રાંતમાં આવી એક સંસ્થાની જરૂર હતી તે ખોટ પુરાઇ છે. આ સંસ્થાના કાર્યવાહકો અને સુપ્રી૦ મી૦ દલપતરાય લાગણીવાળા છે તેમ જણાય છે. માત્ર છેવટે એટલીજ સુચના કરીયે છીયે કે પરચુરણ બાબતોને બદલે ધાર્મિક શિક્ષણ સારૂં વિદ્યાર્થી મેળવી શકે અને સુસંસ્કારી થાય તેવા પ્રયત્નોને મુખ્ય કરવાની જરૂર છે. તે વાત વ્યવસ્થાપક કમીટી ધ્યાનમાં લેશે. અમો આ સંસ્થાની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

---

## પુસ્તક પહોંચ.

| | |
|---|---|
| ભોજ પ્રબંધ. | શ્રી વઢવાણ કાંપના શ્રીસંઘ તરફથી. |
| શ્રીપાળ ચરિત્ર સંસ્કૃત કાવ્ય<br>સુક્ત મુક્તાવલી<br>પ્રવચન સારોદ્ધાર | શેઠ દેવચંદ લાલભાઈ<br>જૈન પુસ્તકોદ્ધાર ફંડ—સુરત. |
| શ્રી આરામ શોભા ચરિત્ર, | શ્રી આત્માનંદ જૈન ટ્રેક્ટ સોસાઇટી અંબાલા. |

આચારાંગ સૂત્ર ભાગ ૫ મો. મુનિરાજશ્રી માણેકમુનિ.

ઉપરના પુસ્તકો અમોને ભેટ મળ્યા છે, જે ઉપકાર સાથે સ્વીકારીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી ઉપદેશ સપ્તતિકા ભાષાંતર.

જેમાં દેવ, ગુરૂ અને ધર્મતત્વનું સ્વરૂપ અનેક ઉપદેશક કથાઓ સાથે આપવામાં આવેલ છે તેટલુંજ નહીં પરંતુ કેટલાક જૈન તિર્થો જેવા કે ગિરનારજી, આબુજી, શ્રી જીરાપલ્લી, ફલોધી, કલીકુંડ, અંતરીક્ષજી, સ્તંભન અને શત્રુંજય વગેરે તિર્થો ઉપર કયાં કયા મહાન પુરૂષોએ મંદિર, પ્રતિષ્ઠા વગેરે જે જે વર્ષમાં કરી તેનું વિવેચન અને તે તે તીર્થ સ્થાપન કયા સંયોગમાં થયું તેનું ઐતિહાસિક દ્રષ્ટિએ ઘણું સુંદર વર્ણન કરેલું છે. તે ખાસ વાંચવા, અને જાણવા જેવું છે. દેવ, ગુરૂ, ધર્મ તેમજ સમ્યકત્વ તે સંબંધી સ્ફૂટ સ્વરૂપ તેની ભક્તિથી તથા આરાધનથી કયા મનુષ્યો સુખી થયા, તેની વિરૂદ્ધ વર્તન કરવાવાળા કોણ કોણ દુઃખી થયા તેની અનેક કથાઓ આપવામાં આવેલી છે; તેમજ જિનેશ્વરના ગુણોનું સ્મરણ, ધ્યાન, યાત્રા, ચૈત્ય, સ્તવન, અર્ચન, સદ્ધર્મસાધના અને ગુરૂ સેવા વગેરેથી કેવી સમ્યકત્વની સ્થિરતા થાય છે તેનું ઘણું અસરકારક સ્વરૂપ આપવામાં આવેલું છે. એકંદર રીતે ઉપદેશક હોવાથી આ ગ્રંથ મનન પૂર્વક વાંચવાથી આત્મામાં શાંતતા, સમકિતની સ્થિરતા, નિર્મળતા, ધર્મ ઉપર શ્રદ્ધા અને તીર્થોપર ઉપર ભક્તિ ઉત્પન્ન કરવામાં એક અપૂર્વ સાધન રૂપ ગ્રંથ છે. ભાષા ઘણી સરલ છે. માત્ર થોડી નકલો સીલીકે છે, કિંમત એક રૂપિયો પોસ્ટેજ જુદું અમારે ત્યાંથી મળશે.

## અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

### નીચેના ગ્રંથોમાંથી કેટલાક છપાય છે. કેટલાકની યોજના થાય છે.

૧ જૈન મેઘદૂત સટીક.
૨ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ.
૩ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી ઉજમ બ્હેન તથા હરકોર બ્હેન તરફથી.
૪ ષટ્સ્થાનક સટીક.
૫ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૬ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૭ શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક.
૮ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૯ જૈન ગ્રંથ પ્રસસ્તિ સંગ્રહ.
૧૦ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૧ ધાતુપરાયણ.
૧૨ શ્રી નંદીસૂત્ર—શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા સાથે બુહારીવાળાશેઠ મોતીચંદ સુરચંદ તરફથી.
૧૩ ગુરૂતત્ત્વ વિનિશ્ચય. શેઠ પરમાનંદદાસ રતનજી ગોઘાવાળા, હાલ મુંબઇ.
૧૪ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૧૫ દાનપ્રદીપ. ,,
૧૬ સંબોધ સિત્તરી. ,,
૧૭ ધર્મરત્ન પ્રકરણ. ,,
૧૮ નવતત્ત્વ ભાષ્ય ,,
૧૯ શ્રી નેમિનાથ ચરિત્ર ,,
૨૦ શ્રી પ્રભાવિક ચરિત્ર ,,
૨૧ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. ,,

નંબર ૧૪-૧૫-૧૬-૧૭-૧૮-૧૯-૨૦-૨૧—ના ગ્રંથોમાં મદદની અપેક્ષા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સદ્‌ગુણી સ્ત્રી.

" સદ્‌ગુણી સ્ત્રી સાક્ષાત્ પ્રેમની સજીવ મૂર્તિ છે. એ સાદ્યંત પ્રેમથીજ ભરેલી છે. સર્વ સુખ એના પ્રેમમાંજ આવી વસ્યું છે. દૈવી પ્રેમથી એ વધારે રમણીય લાગે છે.: જ્યાં એ જાય છે, જ્યાં એ રહે છે, ટુંકામાં જ્યાં જ્યાં એની ગતિ અને પ્રવૃત્તિ થાય છે ત્યાં ત્યાં એ સ્વર્ગ બનાવી મૂકે છે. એની સ્વર્ગીય પવિત્રતાની આસપાસ એના પ્રેમનું ઓજસ ઝળકાટ મારે છે. એજ પ્રેમ એનાં નયનને વધારે તેજ પૂર્ણ બનાવે છે. એજ પ્રેમથી એનું પ્રભાભર્યું મુખ મલક મલક હસ્યા કરે છે. એજ પ્રેમ એના કંઠમાં મધુરતા રેડે છે, અને એ મધુર કંઠમાંનું મધુરૂં ગીત કર્ણને આહ્લાદ આપે છે. આવી સર્વાંગ પ્રેમથી ભરપૂર વિનયી સદ્‌ગુણી સુંદરી પ્રત્યે કોને આદરમાન ન હોય ? સર્વ એવી રમણીઓ પ્રત્યે સ્નેહ અને આદરથીજ જુએ છે. એક આજ્ઞાંકિત પુત્રી તરીકે જુઓ. એ કેટલું દુઃખ સહન કરે છે, કેવી કેવી કસોટીમાંથી એને પસાર થવું પડે છે, પિતાનો કેટલો બધો જુલમ એ મુંગે મોઢે સહન કરે છે ? આખરે નથી સહન થતું ત્યારેજ એનો આત્મા ઉશ્કેરાય છે. એક પ્રેમાળ યુવતી તરીકે જુઓ. પોતાના પ્રેમી પતિ પ્રત્યે કેટલી બધી પ્રેમ ભક્તિ, કેવી અડગતા ! અને એકવાર જેને પોતાનો પ્રેમભાગી કરીને પ્રેમ અર્પણ કર્યો તેનેજ છેવટ સુધી ચીવટાઇથી કેવી વળગી રહે છે ! એક પત્ની તરીકે જુઓ. પોતાનો પતિ બહારથી ઘરમાં આવે છે ત્યારે કેટલી હરખાઇ જાય છે, એની સેવામાં કેવી તત્પર રહે છે ? જ્યારે પતિ બહાર જાય છે ત્યારે પતિનાં ધ્યાનમાંજ, પતિના વિચારમાંજ અને પતિના ગુણાનુવાદ ગાવામાંજ પોતાનાં અહોભાગ્ય માને છે, જીવને આનંદમાં રાખે છે અને સમય વીતાવે છે. એક માતા તરીકે જુઓ. પોતાનાં નાનાં બાળકને છાતી આગળજ રાખે છે. બાળનું મુખ આબેહુબ પોતાના પતિને મળતું છે એ વિચારે એ મુખ તરફજ વ્હાલ ભરી દૃષ્ટિએ જુએ છે તોયે ધરાતી નથી. આવી શુદ્ધ, સદ્‌ગુણી, પ્રેમી પ્રમદા ખરેખર સ્વર્ગની દેવી છે. કવિઓએ તો એવી દેવીઓના સ્તુતિ ગાનમાં પોતાનાં કાવ્યોના મહાસાગર રેલાવ્યા છે. શુરવીર યોદ્ધાઓએ એ દેવીઓનાં પ્રેમી મધુરા સ્મિતની ખાતર પોતાનાં પ્રાણની પણ પરવા કર્યા વગર રણાંગણમાં પોતાનાં પરાક્રમની પ્રસાદી દુશ્મનોને ચખાડી છે. લેખકોએ આવી દેવીઓની પ્રશંસા કરવા રાતોના ઉજાગરા વેઠીને પુસ્તકનાં પુસ્તક ભર્યાં છે. ધર્મ ગ્રંથો પણ આવી દેવીઓમાં મુક્ત કંઠે વખાણ કરે છે. કારણ કે પ્રેમથી સંસ્કૃત થયેલો ધર્મ એજ શીખે છે."

" સૈનિકની સુંદરી " માંથી.

For Private And Personal Use Only